શ્રી યશોવિજયજી
જૈન ગ્રંથમાળા
દાદાસાહેબ, ભાવનગર.
ફોન : ૦૨૭૮-૨૪૨૫૩૨૨
૩૦૦૪૮૪૬

... બાળજ્ઞાનમાળા.

... આદિનિવાસસ્થાન.

૭૪

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

श्री सयाजी बालज्ञानमाळा-पुष्प ७४ मुं.

( ઇતિહાસ-ગુચ્છ )

# આર્યોનું આદિનિવાસસ્થાન.

અનુવાદક

સુરેંદ્રનાથ રંગનાથ ધારેખાન,

બી. એ., એલએલ. બી.,

પ્રકાશક

ધી લુહાણામિત્ર સ્ટીમ પ્રિન્ટીંગ પ્રેસ,

વડોદરા.

ઇ. સ. ૧૯૨૭ } વિ. સં. ૧૯૮૩ }

કિંમત રૂ. ૦-૬-૦

{ પ્રથમાવૃત્તિ { પ્રત ૫૦૦

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**વડોદરા**–ધી લુહાણામિત્ર સ્ટીમ પ્રિં. પ્રેસમાં અંબાલાલ વિ. ઠક્કરે
પોતાને માટે છાપી પ્રસિદ્ધ કર્યું. ૧૮–૭–૧૯૨૭

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી.

# જાહેરાત.

આપણા દેશી ભાષાના સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના સદુદ્દેશથી શ્રીમંત સરકાર પતિતપાવન મહારાજા સાહેબ **શ્રી સયાજીરાવ** ગાયકવાડ, સેના ખાસખેલ, શમશેર બહાદુર, જી. સી. એસ. આઇ., જી. સી. આઇ. ઇ., એલએલ. ડી., એઓશ્રીએ કૃપાવંત થઇને બે લાખ રૂપિયાની જે રકમ અનામત મુકેલી છે તેના વ્યાજમાંથી, ફરજિયાત કેળવણી પૂરી કરીને રસ્તે પડતાં બાળકોને હિતકર થઇ પડે તેવું, સાદી સરળ ભાષામાં લખાએલું, લોકસાહિત્ય ઊભું કરીને તેને "શ્રી સયાજી બાળજ્ઞાનમાળા" નામક ગ્રંથાવલિદ્વારા પ્રસિદ્ધિમાં મુકવાની યોજના કરવામાં આવેલી છે.

તદનુસાર આ "**આર્યોનું આદિનિવાસસ્થાન**" નામક ગ્રંથ રા. રા. **સુરેંદ્રનાથ રંગનાથ ધારેખાન** એમની પાસે તૈયાર કરાવવામાં આવેલો છે, અને તેને ઉક્ત માળાના 'ઇતિહાસ-ગુચ્છ' માં ચુમ્મોતેરમા પુષ્પરૂપે, વિદ્યાધિકારી કચેરીની ભાષાંતર શાખા તરફથી ઠરેલા ધોરણ પ્રમાણે સંશોધાવીને પ્રસિદ્ધિમાં મુકવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ભાષાંતર શાખા,<br>વિદ્યાધિકારી કચેરી,<br>વડોદરા,<br>તા. ૧૧-૭-૧૯૨૭ | **ભરતરામ ભા. મહેતા**<br>ભા. મ.<br>(અ.) | **નં. કે. દીક્ષિત**<br>વિદ્યાધિકારી,<br>વડોદરા રાજ્ય. |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અનુક્રમણિકા.


| | | | પૃષ્ઠ. |
|---|---|---|---|
| પ્રકરણ | ૧ | આર્યોના આદિનિવાસસ્થાન વિષયક મુખ્ય ત્રણ વિદેશીય વાતો. | ૧ |
| ,, | ૨ | આર્યોનું આદિસ્થાન આર્યાવર્ત જ છે; શ્રુતિ, સ્મૃતિ તથા અવેસ્તાના આધારો. | ૧૧ |
| ,, | ૩ | આર્યોના દેવો. | ૨૫ |
| ,, | ૪ | ભૂસ્તરવિદ્યાનાં અનુમાનોથી મળતી પુષ્ટિ, અને સરસ્વતી નદીનું અતિ મહત્ત્વ. | ૩૦ |
| ,, | ૫ | દસ્યુ, દાસ, રાક્ષસ વગેરે આર્યોથી ભિન્ન જાતિ હતી? આર્યો સ્થિરવાસી ન હતા? | ૩૬ |
| ,, | ૬ | આર્યોનાં સંસ્થાનો. | ૪૭ |
| ,, | ૭ | આર્યોનું પંચાંગ. | ૫૫ |
| | | ઉપસંહાર. | ૫૮ |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી.

# આર્યોનું આદિનિવાસસ્થાન.

## પ્રકરણ ૧.

### આર્યોના આદિનિવાસસ્થાન વિષેના મુખ્ય ત્રણ વિદેશીય વાદો.

આર્યોનું આદિનિવાસસ્થાન કયું હતું તે પ્રશ્ન પુષ્કળ ચર્ચા પામ્યો છે, અને પૃથ્વી ઉપરના સર્વ દેશોના વિદ્વાનોએ તેમાં ભાગ લીધો છે. વિવિધ દૃષ્ટિબિંદુથી, વિવિધ ઉપલબ્ધ સાધનો વડે તે સંબંધી શોધખોળ કરનારાઓ પોતાનાં મતમતાંતરો પણ વિવિધ બતાવે છે. એટલે આ પ્રશ્નનો ઉત્તર અનેક રીતે અપાયો છે. પણ તેમાંથી મુખ્ય ત્રણ વાદ જન્મ પામ્યા છે.

૧. પહેલો મત જાહેર કરે છે કે આર્યોનું આદિનિવાસ-સ્થાન ઉત્તર ધ્રુવ તરફનો પ્રદેશ હતો. ફ્રેન્ચ વિદ્વાન મોં. દ સાપોર્ટાએ પ્રતિપાદન કર્યું છે કે " મનુષ્યજાતિનો ઉદ્ભવ ઉત્તર ધ્રુવના સમુદ્રના કિનારા આગળ થયો છે અને તે વખતે બાકીની પૃથ્વી એટલી બધી ઉષ્ણ હતી કે તેના ઉપર રહી શકાય નહિ. " ડૉકટર વૉરન પણ તેવો જ મત દર્શાવે છે,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જ્યારે યુરોપીય વિદ્વાનોને આપણા હિંદુસ્તાનના એક પ્રખર વિદ્વાન સ્વ. બાળ ગંગાધર ટિળક તરફથી આ બાબતમાં ટેકો મળ્યો છે. વેદના સાહિત્યના નિરીક્ષણ ઉપરથી ટિળક એમ સાબીત કરવા માગે છે કે " વેદ વખતના આપણા પૂર્વજોનું નિવાસસ્થાન છેલ્લા હિમયુગ ( ગ્લેશિયલ એપક ) પહેલાં ઉત્તર ધ્રુવ નજીક હોવું જોઇએ. "

૨. બીજો મત એવો છે કે આર્ય પ્રજાનું આદિસ્થાન પશ્ચિમ તરફના પ્રદેશોમાં અને ખાસ કરીને યુરોપમાં જ હોવું જોઇએ. ટોમાશેક અને બીજાઓ પૂર્વ યુરોપ બતાવે છે. વળી પૅાન લોહેર તો જર્મની જ આદિસ્થાન માને છે. ફ્રેડરીક મ્યુલર, ક્યુનો વગેરે મધ્ય યુરોપ સૂચવે છે. લીંડનસ્મીથ અને બીજાઓ ઉત્તર યુરોપને આર્યોનું મૂળ વતન બનાવે છે, જ્યારે પેન્કાના મત પ્રમાણે સ્કેન્ડીનેવિયામાં પ્રથમ આર્યો ઉત્પન્ન થયા. એ પ્રમાણે યુરોપની જુદી જુદી જગ્યાઓ આર્યોના આદિનિવાસસ્થાન તરીકે બતાવવામાં આવે છે.

૩. ત્રીજો મત મધ્ય એશિયામાં આર્યો વસતા હતા તે છે. તે મતવાળાઓનું એવું કથન છે કે ઑકસસ અને ઝકસાર્ટસ નદીઓ નીકળે છે ત્યાં કાસ્પિયન સમુદ્રથી પૂર્વના પ્રદેશોમાં આર્યોનું આદિવતન હોવું જોઇએ.

આ પ્રમાણે આ ત્રણ મત મુખ્ય છે. બીજા મતાંતરો છે, પણ તેઓ મહત્ત્વ પામ્યા નથી, એટલે તેઓની ગણના કરવા જેવી નથી. આ મતોને પ્રથમ અનુક્રમવાર તપાસીએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૧. ઉત્તરધ્રુવવાદ.

સાપોર્ટાનું કથન આપણે ઉપર જોયું. પણ તેની વિરૂદ્ધ ભૂસ્તરશાસ્ત્ર સાક્ષી પૂરે છે. ઉત્તર ધ્રુવ સિવાય પૃથ્વીનો સઘળો પ્રદેશ તે સમયે વસાહતયોગ્ય ન હતો એ ફક્ત તેની કલ્પના જ છે. ભૂગર્ભશાસ્ત્રીઓ મેડલીકૉટ અને બ્લેનફર્ડ કહે છે કે ધ્રુવ આગળના પ્રદેશમાં વસાહત હતી તે સમયે પૃથ્વીના ઉષ્ણ અને શીતોષ્ણ ભાગ પણ વસાહતયોગ્ય હતો. વળી વિશેષમાં તેઓ કહે છે કે "બહુ પ્રાચીન કાળમાં હિંદુસ્તાનના પ્રદેશમાં વસાહતયોગ્ય ઉષ્ણતા હતી એમ માનવા ઘણાં પ્રમાણ છે." અમેરિકન ભૂસ્તરશાસ્ત્રી ડાના કહે છે કે "ભુતકાળનાં સર્વ સાદૃશ્યો મુજબ પૂર્વના કોઇ પ્રદેશોમાં મનુષ્યજાતનો ઉદ્‌ભવ થયો હોવો જોઇએ." વળી-ઉત્તરના પ્રદેશોમાંથી મનુષ્યજાતિ દક્ષિણ તરફ પ્રસરી એવું માનવા કંઇ પણ પુરાવો નથી એવો ઘણા વિજ્ઞાનીઓનો અભિપ્રાય છે.

યુરોપીય વિદ્વાનોમાંથી કેટલાક એમ પણ કહે છે કે ઉત્તર તરફના લોકોને દક્ષિણ તરફ લઇ જતાં, દક્ષિણનાં તેઓને પ્રતિકૂળ હવાપાણીને લીધે તેઓ મૃત્યુ પામે છે.

આર્યો પૃથ્વી ઉપર સર્વ જાતિમાં પ્રાચીન છે તે બદલ ઝાઝો મતભેદ નથી, અને લાખો વર્ષ થયાં પણ હજી આપણે નષ્ટ થયા નથી. નવાઇ જેવું એ છે કે આ મતો બંધ બેસતા નથી તો પણ આર્યો આર્યાવર્તની બહારથી આવ્યા એમ સાબીત કરવા તરફ જ પાશ્ચાત્ય વિદ્વાનોની મહેનત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જોવામાં આવે છે. નૈસર્ગિક જ પ્રશ્ન થાય છે કે તેઓ વિદેશમાંથી ન આવતાં આર્યાવર્તમાં જ આદિજન્મ પામ્યા હોય એમ ન હોય ? તે પછી તેઓ ચોતરફ પૃથ્વી ઉપર પ્રસર્યા હોય અને ઠેકઠેકાણે સંસ્થાનો સ્થાપ્યાં હોય તો તે રીતે તેઓનાં ચિહ્નો અન્ય દેશોમાં જણાઇ આવે છતાં તેઓનું મૂળ વતન આર્યાવર્ત જ હોઇ શકે. આ પુસ્તકમાં આ નૈસગિક અને સરળ દૃષ્ટિબિંદુથી આર્યોના આદિ-નિવાસસ્થાનનો પ્રશ્ન જોવામાં આવશે, અને તે સત્ય સાબીત કરવામાં આવશે.

## ૨. યુરોપીય વાદ.

આ વાદ માટે પૂર્વૈતિહાસિક પુરાણવસ્તુશાસ્ત્ર, ભૂગર્ભશાસ્ત્ર, મનુષ્યવિદ્યા અને કર્પરવિદ્યા ( ક્રેનીઑલૉજી ) નો આધાર લઇ કેટલાક યુરોપીય વિદ્વાનો અનુમાન કરે છે કે યુરોપમાં મનુષ્યજાતિનાં શિરોસ્થિ, કર્પરો, વગેરે હાડકાંના અવશેષો મળી આવે છે તે ઉપરથી જણાય છે કે તે જાતિ હાલ યુરોપમાં વસતી ભિન્ન જાતિની પૂર્વજ હતી; પણ તે ઉપરથી આર્યો યુરોપમાં જ પ્રથમ જન્મ પામ્યા એ સિદ્ધ થતું નથી. આર્યોનાં પૃથ્વી ઉપર સંસ્થાનો હતાં એ વાદ આપણે ગ્રહણ કર્યો છે તે અનુસાર પણ તેનો ખુલાસો થઇ શકે છે. આર્યાવર્તના અનાદિ આર્યો ચોતરફ ફેલાઇ યુરોપ, એશિયા અને ઉત્તર ધ્રુવના પ્રદેશોમાં મોટાં સંસ્થાનો સ્થાપી રહ્યા હતા. એ તો નિર્વિવાદ છે કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હાલમાં પૃથ્વી અને સમુદ્રો જે રૂપ અને આકારમાં છે તે જ સ્વરૂપમાં પ્રાચીન કાળમાં ન હતાં. જળનું સ્થળ અને સ્થળનું જળ થઇ ગયું છે. એટલે આપણે આર્યો આર્યાવર્તના જ હોઇ ધ્રુવ તરફ વસાહત કરવા ગયા હતા તેમ જ યુરોપ, અમેરિકા, આફ્રિકા વગેરે ખંડોમાં પણ પ્રસર્યા હતા ને સંસ્થાનો સ્થાપ્યાં હતાં. પછી એકાએક હિમયુગ શરૂ થવાથી ઉત્તરધ્રુવનાં સંસ્થાનો છોડી આપણે હિમાલય તરફ થઇને આપણી આદિ જન્મભૂમિ આર્યાવર્તમાં પાછા આવ્યા. બીજા જે આર્યો અન્ય સ્થળે વસતા હતા અને હિમયુગ જેઓને અડચણ કરનાર ન થયો તેઓ તે જ પ્રદેશોમાં વસી રહ્યા. તેવા પ્રદેશો યુરોપ અને એશિયાનો દક્ષિણ ભાગ હતો. આ પ્રમાણે હોવાથી તેઓનાં અસ્થિઓ તે ભાગમાંથી મળી આવે તો આશ્ચર્ય નથી. આ વિષે આગળ વિવેચન કરીશું. અત્યારે તો એટલું જ ધ્યાનમાં રાખવાનું કે યુરોપમાં પ્રાચીન મનુષ્યજાતિનાં અસ્થિ મળે છે તેથી આર્યોનું આદિનિવાસસ્થાન યુરોપ હતું એમ બીલકુલ સિદ્ધ થતું નથી, અને સંસ્થાનવાદ પ્રમાણે પણ તેનો ખુલાસો થઇ શકે છે.

યુરોપીય વાદનો ચુસ્ત હિમાયતી સર આઇઝૅક ટેલર છે. પણ તેની દલીલો કેટલી વિચિત્ર અને કોઇ વાર તો હાસ્યાસ્પદ છે તે આપણે જોઇશું. જાતની પ્રાથમિક એકતાને લીધે ભાષાની પ્રાથમિક એકતા હોય એ પ્રો. મૅકસમ્યુલરના સિદ્ધાંતને તે વખોડી કાઢે છે. તે કહે છે કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"હિંદુસ્તાનને સંસ્કૃત ભાષા યુરોપમાંથી પ્રાપ્ત થએલી હોવી જોઇએ અગર તો કેલ્ટીક, જર્મન, લીથુઆનિયન, સ્લાવોનીક, ગ્રીક અને લૅટીન ભાષાઓ એશિયામાંથી યુરોપમાં ગએલી હોવી જોઇએ." વળી આર્યનું મૂળ વતન યુરોપ છે એ સાબીત કરવા વિનાકારણ તે અનુમાન કરે છે કે "આર્યોનો મુખ્ય જથ્થો યુરોપમાં આપણને મળે છે અને અમુક થોડો ભાગ એશિયામાં ગયો." ટેલર સાહેબ એમ અનુમાન બાંધે છે કે આર્યોને મળતી છ જાતઓ—કેલ્ટીક, જર્મન, લીથુઆનિયન, સ્લાવોનીક, ગ્રીક અને લૅટીનં, જે યુરોપમાં મળી આવે છે તે, અને હિંદુસ્તાનની આર્ય જાતિ, એ સાતે સાત યુરોપમાં હતી અને ત્યાંથી આર્ય જાતિ જુદી પડી હિંદુસ્તાનમાં આવી. હિંદુસ્તાનની મૂળ આર્ય જાતિ યુરોપમાં જઇ છ જાતિ અગર છ ભાષામાં વહેંચાઇ ગઇ એના કરતાં પ્રથમની માન્યતા વધારે શકય છે એમ ટેલર સાહેબ કહે છે.

આ દલીલને વજન આપીએ તો તે અનુસાર અન્ય સ્થળે એક વિચિત્ર ઘટના ઊભી થાય છે.બુદ્ધધર્મનું આદિસ્થાન હિંદુસ્તાન છે ને ત્યાંથી ચોતરફ તિબેટ, મોંગોલિયા, મંચુરિયા, કોરિયા, જાપાન, ચીન, કોચીન ચીન, સિયામ, બર્મા, સીલોન વગેરે સ્થળે ફેલાયો છે એ વાત નિર્વિવાદ છે. તેમ છતાં ટેલર સાહેબની પદ્ધાત પ્રમાણે હાલની પરિસ્થિતિનું નિરીક્ષણ કરતાં એમ દલીલ કેમ ન થાય કે આ દસ પ્રદેશોમાં બુદ્ધધર્મ છે એટલે હિંદુસ્તાન એ એક જ પ્રદેશ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માંથી દસ પ્રદેશમાં તે ધર્મ પ્રસર્યો એમ માનવા કરતાં, એટલે કે બુદ્ધમતવાળા હિંદુઓ દસ પ્રદેશોમાં વ્યાપ્ત થયા એમ માનવા કરતાં, એ પ્રદેશોમાંથી બુદ્ધધર્મ માનનારાઓ હિંદુસ્તાનમાં તે ધર્મ લાવ્યા એમ માનવું એ સરળ છે? એટલે તે ન્યાય ને દલીલની તેવી પદ્ધતિ પ્રમાણે બુદ્ધનું જન્મસ્થાન ઉપર કહ્યા તે દસ પ્રદેશો થાય છે!

ટેલર સાહેબની અનુમાનપદ્ધતિ તેમના યુરોપ માટે જ ભારે થઇ પડે છે! યુરોપમાં નજીક નજીક ઓગણીસ દેશો છે; જેમનો ધર્મ ખ્રિસ્તી છે, અને તે ધર્મનું આદિસ્થાન પેલેસ્ટાઇન ત્યાંથી દૂર છે. તો પછી પેલેસ્ટાઇનમાંથી તે ધર્મ જઇને ઓગણીસ પ્રદેશોમાં સ્થપાયો એ માન્યતા કરતાં તો તે ધર્મ તે ઓગણીસ પ્રદેશોમાં જ કોઇ ઠેકાણે જન્મ આપ્યો અને ત્યાંથી પેલેસ્ટાઇનમાં ખ્રિસ્તીઓએ જઇ ત્યાં દાખલ કર્યો એ માન્યતા સરળ પડે છે!

યુરોપીય વાદનું ખંડન કરવા વધારે વિવેચનમાં ઊતરવાની જરૂર નથી. ઉપર કહી ગયા તે ઉપરથી જણાશે કે ટેલર સાહેબ જેવા કેટલાક દુરાગ્રહી લેખકો સત્યની શોધ માટે અપક્ષપાત તપાસ કરવાને બદલે અમુક વાદ ગ્રહણ કરીને તેને સત્ય ઠરાવવા માટે ગમે તેવી કપોળકલ્પિત અને હાસ્યાસ્પદ દલીલો કરે છે.

## ૩. મધ્યએશિયાવાદ.

આ વાદ હિંદુસ્તાનના સુશિક્ષિત વર્ગને વધારે પરિચિત છે. શાળાપાઠશાળાના વિદ્યાર્થીઓને સાધારણ રીતે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એવા જ સંસ્કાર પડેલા હોય છે કે આર્યો મૂળ મધ્ય-એશિયામાં વસતા હતા ને ત્યાંથી તેઓએ અહીં આર્યાવર્તમાં વાયવ્ય–કોણ તરફના માર્ગે થઇને આક્રમણ કર્યું ને અહીંના મૂળ વતનીઓને હરાવતા ગયા અને ભૂમિ જીતતા ગયા. મધ્યએશિયાવાદનો આ ટૂંકમાં સાર છે. પ્રો. મૅકસમ્યુલરે આ ગોળો પ્રથમ ગબડાવ્યો છે. અંગ્રેજી શાળાઓમાં ચાલતા હિંદુસ્તાનના ઇતિહાસમાં તે જ વાદ બતાવેલો હોય છે એટલે વિદ્યાર્થીઓને એમ જ સંસ્કાર પડે છે કે આ જ સત્ય છે અને આર્યો હિંદુસ્તાનની બહારથી આવ્યા છે. એટલું જ નહિ, પણ આર્યોના મૂળ વતન માટે બીજા વાદો પણ પ્રચલિત છે એ પણ તેઓના જાણવામાં ભાગ્યે જ આવે છે

પ્રથમ તો આ મતને વેદ, અવેસ્તા કે કોઇ પણ પ્રાચીન પુસ્તકમાંથી બીલકુલ અનુમોદનનું નામનિશાન પણ મળતું નથી. પૃથ્વી ઉપર વેદ પ્રાચીનતમ છે એ વિષે તો મતભેદ નથી જ એમ કહીએ તો ચાલે. વેદના કાળ માટે મતભેદ પુષ્કળ છે, પણ વેદ પહેલાં કોઇ પણ ગ્રંથ પૃથ્વી ઉપર ન હતો તે તો સર્વમાન્ય છે. જે આર્યોને વેદ, ઉપનિષદ્, ધર્મશાસ્ત્રો, સ્મૃતિ, નીતિશાસ્ત્રો, ઇતિહાસો ને પુરાણોનું વિવિધ અને વિશાળ સાહિત્ય મળેલું છે, જેઓને સાર્વભૌમ સત્તા અને ચક્રવર્તીપણું અજાણ્યું નથી, જેઓ પોતાનો વિજય અમર રાખવા શિલાલેખો તથા કીર્તિ-સ્તંભો કરી શકે છે, તે આર્યોએ આખું આર્યાવર્ત જીત્યું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોય તેમ છતાં તે સંબંધી તેઓના વિશાળ સાહિત્યમાં બીલકુલ ઉલ્લેખ ન હોય એ માનવા જેવું છે ?

પ્રો. મૅકસમ્યુલર કહે છે કે "ઇતિહાસની શરૂઆત પહેલાં આર્યજાતિઓ હિમાલયનાં બરફ ઓળંગી સપ્તસિંધુ–સાત નદીઓના પ્રદેશ–તરફ અતિક્રમણુ કરતી જોવામાં આવે છે, અને ત્યારથી આર્યાવર્ત તેમની ભૂમિ થઇ છે. તે સમય પહેલાં તેઓ ઉત્તર તરફના પ્રદેશોમાં, ગ્રીક, ઇટાલિયન, સ્લેવોનિયન, જર્મન અને કેલ્ટના પૂર્વજો રહેતા હતા તેની નજીકમાં રહેતા હતા. ...હિંદુકુશ અને હિમાલયના સાંકડા માર્ગો ઓળંગીને ત્યાંના વતનીઓને પરિશ્રમ વગર સહેલાઇથી તેઓ જીત્યે ગયા ને આગળ વધતા ગયા, ઉત્તર હિંદુસ્તાનની નદીઓનું આક્રમણુ કરતા ચાલ્યા."

આની સાબીતીમાં કંઇ પણુ ચોકકસ બતાવવામાં આવતું નથી. વેદમાં ઉત્તર ધ્રુવના પ્રદેશોને બંધ બેસે એવાં વર્ણુનો છે, છ મહિના રાત્રિ અને છ મહિના દિવસ, ટાઢ અને બીજાં કુદરતનાં દર્શનો તે પ્રદેશને લાગુ પડે એવાં વર્ણુન કરવામાં આવ્યાં છે તે ઉપરથી અનુમાન દોરવામાં આવે છે કે મધ્યએશિયાના શીત પ્રદેશમાં અગર ઉત્તર ધ્રુવ આગળ મૂળ આર્યોનું વતન હોવું જોઇએ. આ પ્રશ્ન આગળ આપણે વિસ્તારથી તપાસીશું. અહીં એટલું જ કહીશું કે આર્યોના અતિક્રમણનો જે માર્ગ આ વાદ પ્રમાણે બતાવવામાં આવે છે તેની કંઇ પણુ સાબીતી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નથી; પણ ઉલટી એવી સાબીતી મળી આવે છે કે આર્યો મૂળ આર્યાવર્તમાં જ જન્મ પામ્યા છે અને ત્યાંથી તેઓ પશ્ચિમ તરફ ફેલાયા છે. ઉત્તર ધ્રુવથી આર્યાવર્તમાં તેઓ આવ્યા નથી, પણ આર્યાવર્તમાંથી ઉત્તરધ્રુવ તરફ તેઓ ગયા છે ખરા, એટલે જેટલો વખત તેઓ ત્યાં રહ્યા તેટલા સમયના વર્ણનમાં ઉત્તર ધ્રુવના પ્રદેશોને બંધ બેસતું વર્ણન વેદમાં આવે છે.

આર્યો હિંદુસ્તાનની બહારથી આવ્યા તે સંબંધી આ પ્રમાણે ત્રણ વાદો મુખ્ય છે તે જોયા. હવે આર્યો અનાદિ કાળથી આર્યાવર્તમાં જ હતા, સૃષ્ટિ ઉપર પ્રથમ મનુષ્યજાતિનો જન્મ જ આર્યાવર્તમાં સરસ્વતી નદીના પાસેના પ્રદેશમાં થયો હતો, અને આર્યાવર્તમાંથી આર્યો પૃથ્વી ઉપર ચોતરફ પ્રસર્યા અને સારી આલમમાં પોતાની અદ્વિતીય સંસ્કૃતિ ફેલાવી, એ નૈસર્ગિક અને સત્ય હકીકત છે તે આપણે હવે જોઇશું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૨

## આર્યોનું આદિસ્થાન આર્યાવર્ત જ છે; શ્રુતિ, સ્મૃતિ તથા અવેસ્તાના આધારો.

આર્યો પરદેશી છે તે વિષેના ત્રણ વાદ આપણે ટૂંકમાં તપાસ્યા. તો પણ તેટલા ઉપરથી એટલું તો સ્પષ્ટ જણાઇ આવે છે કે તે ફક્ત સ્વચ્છંદી કલ્પનાઓના પાયા ઉપર રચાયા છે અને તેને અનુમોદન આપનાર કંઇ પણ ચોકકસ પુરાવો છે જ નહિ. હવે આપણે અનુક્રમવાર આપણા વેદ, સ્મૃતિઓ તથા ઇરાનનો ધાર્મિક ગ્રંથ અવેસ્તા આ સંબંધમાં શું બતાવી શકે છે તે તપાસીશું.

### ૧. શ્રુતિ.

ઋગ્વેદથી પ્રાચીન કંઇ પણ સાહિત્ય મળ્યું નથી. તેમાં વૃત્રાસુરને ઇંદ્રે માર્યાનો પ્રસંગ છે તેમાં વૃત્રાસુરને ક્યાં માર્યો તે સ્થાન આપણી તપાસ માટે મહત્ત્વનું છે. તે **महां सिन्धुमाशयानम्** –“ મોટી સિંધુનદી ઉપર સુતો હતો. ” વળી આ બનાવ સરસ્વતીના પવિત્ર પ્રદેશની નજીક બન્યો હતો એટલે સરસ્વતીને **વૃત્રઘ્ની** પણ કહેવામાં આવી છે.

સૂર્યોદય થવાથી અરુણનો નાશ, એ દર્શનનું વેદમાં અલંકારિક ભાષામાં વર્ણન એમ કરવામાં આવ્યું છે કે ઇંદ્રે ઉષાને નસાડી મુકી અને તેનો રથ ભાંગી નાખ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હવે તે આલંકારિક છે કે સત્ય બનાવ છે તેનું અહીં મહત્ત્વ નથી, પણ તે રથ કયે ઠેકાણે ભંગાયો એ જે બતાવ્યું છે તે અહીં આપણો પ્રસ્તુત વિષય છે. **सुसंपिष्टं विपाश्या** એ શબ્દોથી વિપાશા નદી આગળ ઉષાનો ભાંગેલો રથ પડયો છે એમ બતાવ્યું છે. આ વિપાશા તે હાલની બિયાસ નદી છે. (પ્લીની તેને હીપેસીસ નામથી ઓળખે છે, અને તેનો અર્થ **विगतः पाशः** એટલે 'બંધન વગરની' એમ કરે છે )

વેદમાં વારંવાર **सप्तसिंधवः** સાત નદીઓવાળા પ્રદેશને આર્યાવર્ત તરીકે ઓળખાવવામાં આવે છે. વેદનાં વર્ણનો એવાં સુંદર અને ચોક્કસ છે કે તેઓના અવલોકનની ખામી હતી એમ તો કોઇ જ કહી શકે નહિ. આખા ઋગ્વેદમાં પરદેશના ત્રણ વાદોને અનુમોદન આપતો એક પણ શબ્દ નથી.

ઇંદ્રે ભુમિ આર્યોને આપી એમ ઋગ્વેદમાં છે તેની સાથે સ્પષ્ટ કહ્યું છે કે " સાત નદીઓવાળી ભૂમિ આર્યોને આપું છું. "

સોમયજ્ઞ બહુ પ્રાચીન છે. તે યજ્ઞ માટે સોમની વનસ્પતિ આર્યાવર્તમાં જ ઊગે છે, એમ સ્પષ્ટ ઉલ્લેખ છે. યુરોપીય વિદ્વાનોનો મત એ છે કે આ વનસ્પતિ હિમાલય ને કાશ્મીરના પર્વતો ઉપર ઊગતી હતી. " આર્ય લોકો તે પર્વતોની વિશાળ ખીણોમાં અને ઊંચી ટેકરીઓ ઉપર ઋગ્વેદની પણ પહેલાં રહેતા હશે." ઋગ્વેદમાં કહ્યું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે કે સોમયજ્ઞ જૂનામાં જૂનો છે. આ સોમનો છોડ મૌનવત પર્વત ઉપર ઊગતો હતો એમ લખ્યું છેઃ–**सोमस्येऽग्र मौनेवतस्य भक्षः** મૌનવત પર્વત હિમાલયમાં આવ્યો છે એમ મહાભારતમાં સ્પષ્ટ શ્લોક છે. "હે સોમ! આ સાત નદીઓ તારી હોવાથી તારી આજ્ઞાથી વહે છે." ( ઋ. વે. ) વળી એક ઠેકાણે સોમને **सिन्धुमातरम्** "સિંધુની માતા" કહેવામાં આવ્યો છે.

સોમયજ્ઞ અને ઇંદ્રનાં પરાક્રમો સરસ્વતી નદીની ચારે દિશામાં આર્યોના પૃથ્વી ઉપરના નિષ્ક્રમણ સાથે ગયાં હતાં, અને તે સંસ્થાનોમાં પણ સોમયજ્ઞ ચાલુ રહ્યો હતો. સોમનો છોડ આર્યાવર્તમાં જ ઊગતો હતો. તે સિવાય અન્ય દેશમાં તે ઊગ્યાનો કોઇ ઠેકાણે ઉલ્લેખ નથી. યુરોપ, મધ્યએશિયા કે ઉત્તર ધ્રુવ પાસે તે ઊગ્યાનું કોઇ પણ પ્રકારે જણાતું નથી. હવે પ્રશ્ન એ થાય છે કે, તેમ હોય તો આર્યોનાં તે પ્રદેશોમાં સંસ્થાનો હતાં તો ત્યાં સોમ ક્યાંથી લાવવામાં આવતો ? વેદમાં સોમયજ્ઞ સતત સો રાત્રિ સુધી કર્યાનું લખેલું છે એટલે તેવી સતત રાત્રિઓ ઉત્તર ધ્રુવના પ્રદેશોમાં જ શક્ય હતી. ઉત્તર ધ્રુવનો આર્યોનો નિવાસ તો નિર્વિવાદ હતો જ; પણ તે સંસ્થાન તરીકે, તેઓનું આદિવતન તો હિંદુસ્તાન જ હતું. સોમ વગર આર્યોને ચાલે એમ જ ન હતું એટલે સોમનો મોટો વેપાર ચાલતો હતો અને તે વેચાતો અને ખરીદાતો હતો. ઋગ્વેદના ઐતરેય–બ્રાહ્મણમાં સોમને લાવવાની ક્રિયા તેમ જ તેના ક્રયવિક્ર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યનું લખ્યું છે. સોમની ખપત ખુદ આર્યાવર્તમાં તેમ જ તેનાં વિવિધ સંસ્થાનોમાં હોવાથી તે સંબંધી મોટો વેપાર ચાલતો જણાય છે. તેનું મુખ્ય મથક-બજાર-આર્યાવર્ત-માં ( **प्राच्यां दिशि** ) જ હતું, ઉત્તર ધ્રુવમાં નહિ.

આર્યોના પરદેશીય વાદવાળા વિદ્વાનોએ આ સોમની હકીકત લક્ષમાં બીલકુલ લીધી જ નથી. તેઓ જે સ્થળો આર્યોના આદિસ્થાન તરીકે બતાવે છે તે સ્થળોમાં સોમ ઊગ્યાનું કે સોમયજ્ઞનો તે સ્થળોમાં પ્રચાર હોવાનું કંઇ પણ બતાવતા નથી. ટિળક કહે છે કે સોમ કે તેને મળતો કોઇ શબ્દ યુરોપીય ભાષાઓમાં જ નથી. સોમ વનસ્પતિ આર્યાવર્ત સિવાય બીજી કોઇ પણ જગ્યાએ થતી હતી એમ એક પણ વિદ્વાન કે વિજ્ઞાની બતાવતો નથી. આ પુસ્તકમાં જે વાદનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે એ છે કે, આર્યોનું આદિવતન આર્યાવર્ત-સપ્તસિંધુવાળો પ્રદેશ જ હતો અને ત્યાંથી ચારે દિશામાં જઇને તેઓએ પૃથ્વી ઉપર વિવિધ સંસ્થાનો સ્થાપ્યાં હતાં. તેમાંનું ઉત્તર ધ્રુવ પાસેનું પણ એક હતું, અને ત્યાં હિમયુગ એકાએક શરૂ થવાથી ત્યાંના આર્યો પોતાના પ્રિય સ્વદેશ આર્યાવર્ત તરફ પાછા ફર્યા હતા. સોમની હકીકતથી આ વાદને મજબૂત અનુમોદન મળે છે. સોમ વિષેના કેટલાક ઉલ્લેખ આપણે તપાસીશું.

સોમયજ્ઞ અને સોમ માટે આર્યોનો આદર અતિ પ્રાચીન છે. ઇરાનીઓ આર્યોથી છૂટા પડયા અને આર્યોના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દેવનો તિરસ્કાર કરવા લાગ્યા, પણ જે સોમ માટેનું માન તેમના લોહીમાં હજારો વર્ષથી ઘર કરી બેઠેલું તે સોમ વનસ્પતિને તેઓ છોડી શકયા નહિ. " સોમ " શબ્દ બદલાઇ " હોમ " થયો, અને તેના દૈવી શરીરમાં જરથુસ્તને તેણે દેખાવ આપ્યો હતો, એવી ઝંદમાં કથા છે. જરથુસ્તે પૂછયું કે "તમે કોણ છો ?" ત્યારે ઉત્તર મળ્યો કે "તે હોમ છે;" અને પ્રાચીન મહાત્માઓ તેની પૂજા કરતા આવ્યા છે તે જ પ્રમાણે પૂજા ચાલુ રાખવા જરથુસ્તને તેણે કહ્યું. જરથુસ્તે ધ્યાનપૂર્વક વાત સાંભળી તેને નમસ્કાર કર્યા અને હોમ વનસ્પતિની ડાળીઓ તેની સન્મુખ હતી તેના ઉપર મંત્રક્રિયા કરી તેનામાં શકિત મુકી અને તેની સ્તુતિ કરી કે "હે હોમ ! જે ઊંચા પર્વતો ઉપર તું ઊગ્યો છે તેની હું પ્રશંસા કરૂં છું, જે પૃથ્વી વિશાળ અને અસંખ્ય રસ્તાઓવાળી છે અને તારી માતા છે તે પૃથ્વીની, હે હોમ, હું પ્રશંસા કરૂં છું. " એટલે આપણા ઇરાની ભાઇઓ, જેઓ સોમને કેટલોક વખત નિંદતા હતા, તેઓ તેને પૂજતા થયા. તે સંબંધમાં ડૉકટર હૉગ કહે છે કે "હોમ સંબંધી હકીકતથી સ્પષ્ટ જણાય છે કે હોમની પૂજા જરથુસ્તે શોધી કાઢી કે પ્રથમ પ્રતિપાદિત કરી ન હતી, પણ તે પહેલાં તે પ્રચલિત હતી. જરથુસ્તે તો ફક્ત તે સ્વીકારી. "

આપણા આર્યપૂર્વજો યજ્ઞ માટે બહુ આગ્રહી હતા એટલે સોમયજ્ઞ પૃથ્વી ઉપર ચોતરફ ફેલાવવા માટે તેઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઇંતેજાર હતા એ નવાઇ જેવું ન કહેવાય. ઋગ્વેદની ઋચા છે કે,

त्वं सोम पितृभिः संविदानो
अनु द्यावा पृथिवी आततंथ ।
तस्मै त इन्दो हविषा विधेम,
वयं स्याम पतयोरणीयाम् ॥

" હે સોમ ! તું અમારા પૂર્વજોને સહાયક ને જોડી-દાર છે અને પૃથ્વી અને સ્વર્ગમાં ચોતરફ પ્રસર્યો છે. તેથી હે ઇંદુ ! તને આહૂતિ આપી અમે ધનવાન થઇશું. "

આ ઉપરથી જણાશે કે આપણા વૈદિક પૂર્વજો સોમને તેમનાં વિશાળ સંસ્થાનોની વૃદ્ધિ કરવામાં સાધન-ભૂત માનતા હતા.

ઉત્તર ધ્રુવના, યુરોપીય અગર મધ્યએશિયાના વાદનું પ્રતિપાદન કરનારાઓએ આ સોમની હકીકત વીસારી દીધી જણાય છે. તેઓના લક્ષ બહાર તે જતી રહી છે; નહિ તો પ્રશ્ન ઉપસ્થિત થાય છે જ કે જો આર્યો બહારથી આવ્યા અને સોમ આર્યાવર્તમાં તેમને મળ્યો તો પછી પાછા અન્ય પ્રદેશો ( જેવા કે ઉત્તર ધ્રુવ)ના સંબંધમાં તેનો ઉલ્લેખ કયાંથી આવ્યો ? સોમ વનસ્પતિ ઉત્તર ધ્રુવ અગર યુરોપ અગર મધ્યએશિયામાં ઊગતી ન હતી પણ ફક્ત આર્યાવર્તમાં જ અમુક પ્રદેશમાં તે થતી હતી તે તો નિર્વિવાદ છે. વિદ્વાન ટિળક પણ તેમના પુસ્તકમાં તે વાત સ્વીકારે છે. તે કહે છે કે, " 'સોમ' શબ્દ યુરોપીય ભાષામાં દૃષ્ટિગોચર થતો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નથી." એટલે આર્યાવર્ત સિવાય અન્ય સ્થળોમાં સોમ-યજ્ઞ પૂર્ણપણે પ્રચલિત હતો એ વાત પણ નિર્વિવાદ છે. તો પછી એમ જ માનવું પડે કે આર્યાવર્તમાંથી જ તેનાં સંસ્થાનોમાં સોમ વનસ્પતિ લઇ જવામાં આવતી હતી. ઉત્તર ધ્રુવના પ્રદેશ પાસેની અંધારી દીર્ઘ રાત્રિઓને હાંકી કાઢવા માટે સોમરસની મદદ લેવામાં આવતી હતી એમ ઉત્તરધ્રુવવાદના શિષ્ટ પ્રતિપાદક શ્રીયુત ટિળક પોતે કબૂલ કરે છે. એટલે જો એ વનસ્પતિ આર્યાવર્ત સિવાય થતી જ ન હતી તો ઉત્તર ધ્રુવના પ્રદેશોના આર્યો તે લાવ્યા ક્યાંથી ? સોમ વનસ્પતિ સરસ્વતી નદી તથા "સાત નદીઓ"ના પ્રદેશમાં થતી હતી એમ સ્પષ્ટ ઉલ્લેખ ઋગ્વેદમાં છે ને અન્ય સ્થળે તે ઊગતી હતી તેવું બતાવવા એક પણ ઉલ્લેખ નથી.

## ૨. સ્મૃતિ.

શ્રુતિ જોઇ ગયા પછી સ્વદેશવાદ માટે સ્મૃતિ તેમ જ અન્ય આધારો તપાસીએ. તેમાં પ્રથમ મનુસ્મૃતિ તે વિષે શો પુરાવો આપે છે તે જોઇએ. બ્રહ્માવર્ત નામનો પ્રદેશ ઇશ્વરે બનાવ્યો એમ મનુભગવાન કહે છે અને તેના ખૂંટ બતાવે છે કે તેની ઉત્તરે સરસ્વતી અને દક્ષિણે દૃશદ્વતી નદીઓ છે. तं देवनिर्मितं देशं ब्रह्मावर्तं प्रचक्षते. દેવનિર્મિત–ઇશ્વરનો બનાવેલો–એ શબ્દ વળી એમ સૂચવે છે કે મનુષ્યની આદિ ઉત્પત્તિનું જ તે સ્થાન છે. તે વિષે આગળ વિવેચન કરીશું. વળી તે કહે છે કે તેની નજીકના

2

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કુરુક્ષેત્ર, મત્સ્ય, પાંચાલ, શૂરસેનના દેશો બ્રહ્મર્ષિદેશ કહેવાય છે.

**आसमुद्रात्तु वै पूर्वादासमुद्रात्तु पश्चिमात् ।**
**तयोरेवान्तरं गिर्योरार्यावर्तं विदुर्बुधाः ॥**

"પૂર્વ અને પશ્ચિમ તરફ સમુદ્ર ને ઉત્તરદક્ષિણ તરફ પર્વતો ( હિમાલય અને વિંધ્ય ) ની અંદર રહેલો પ્રદેશ તે આર્યાવર્ત."

વર્ણન કરતાં આગળ મનુ કહે છે કે, **म्लेच्छदेशस्त्वतः परः** આર્યાવર્ત મુકીને "પછીના દેશો મ્લેચ્છોના છે." હવે જો આર્યોનું આદિવતન હિંદુસ્તાન બહાર હોત તો તે પ્રમાણે તુચ્છકારથી અન્ય દેશો માટે ઉલ્લેખ ન હોત. નિદાન પોતાના દેશ માટે તો કંઇક સુચન હોત જ. આર્યો આર્યાવર્તના જ ન હોત તો આ શબ્દોનો કંઇ અર્થ જ રહેતો નથી. ડૉ. જે. મુર, જે મધ્યએશિયાવાદનો ચુસ્ત હિમાયતી છે, તે પણ **देवनिर्मितं** અને **आर्यावर्तं** શબ્દોનું મહત્ત્વ સ્વીકારે છે, અને વિશેષમાં કબૂલ કરે છે કે "મારા જાણ્યા પ્રમાણે કોઇ પણ સંસ્કૃત પુસ્તક-અતિ પ્રાચીન પણ-આર્યોના હિંદુસ્તાન બહારના આદિ-નિવાસસ્થાન સંબંધી બીલકુલ ઉલ્લેખ કરતું નથી."

લૉર્ડ કર્ઝન આર્યોનાં બહારથી આક્રમણ થતાં તે તપાસતાં તે કયે રસ્તેથી આવી શક્યા હોય તેનું વિવેચન કરે છે અને સર્વ માર્ગો તપાસી જોતાં એક પણ બંધ બેસી શક્તો નથી એમ પુરવાર કરે છે ને છેવટે કહે છે કે "આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બધો વિચાર કરતાં એમ જણાય છે કે આર્યોએ અગર હિંદુઓએ હિંદુસ્તાનમાં કોઇ બહારના પ્રદેશમાંથી આવી પ્રદેશ કર્યો હોય એમ માનવા સાબીતી નથી; ઉલટું એમ જ જણાય છે કે આ મહાન લોકોનાં ઉત્પત્તિ, પ્રગતિ અને કલા અને સંસ્કૃતિ તથા કૌશલ્ય તેઓની ભૂમિમાં થયાં હતાં, જે તેઓએ કેટલેક અંશે પોતાનામાંથી ને કેટલેક અંશે અન્ય જાતિઓમાંથી ઉદ્‌ભવ પામેલા લોકોને આપ્યાં હતાં."

## ૩. અવેસ્તા.

પારસીઓ ઇરાનમાંથી આવ્યા હતા, પણ તેઓનું આદિવતન આર્યાવર્ત જ હતું. આર્યો સાથે તેમને મતભેદ પડતાં તેઓ છૂટા પડયા અને અહીંથી પારસી–આર્યો ઇરાનમાં જઇ વસ્યા. જો આ હકીકત સત્ય હોય તો તેઓના લખાણમાં આર્યાવર્ત—સાત નદીઓના પ્રદેશ—સંબંધી કંઇ ઉલ્લેખ હોવો જ જોઇએ. જરથોસ્તના અનુયાયીઓ મૂળ હિંદુસ્તાનના હતા અને પછી તેઓએ ઇરાનમાં પોતાનું સંસ્થાન સ્થાપ્યું એ મત તો પાશ્ચાત્ય વિદ્વાનોને પણ કબૂલ છે. મધ્યએશિયાવાદ પ્રતિપાદિત કરનારાઓને પણ તે મત માન્ય છે. તેઓ પણ કહે છે કે મધ્યએશિયામાંથી આર્યો હિંદુસ્તાનમાં આવ્યા ને ત્યાં કેટલોક સમય રહ્યા બાદ ધર્મનો ઝઘડો થવાથી હિંદુ–આર્યો ને પારસી–આર્યો એમ બે ભાગ પડયા ને પારસી–આર્યો ઇરાનમાં જઇ વસ્યા. ઝંદ અવેસ્તા તપાસતાં તેમાં सप्तसिंधवः વિષે લખ્યું છે એટલું જ નહિ પણ સરસ્વતી નદીનો પણ ઉલ્લેખ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આર્યોને યજ્ઞ એ મુખ્ય ધાર્મિક ક્રિયા હતી. તે પ્રશ્ન પરત્વે બે વિભાગ પડયા. યજ્ઞને ન સ્વીકારનારા કેટલાક નીકળ્યા તેઓ યજ્ઞ સ્વીકારનારા આર્યોથી જુદા પડયા, અને બન્ને વચ્ચે યુદ્ધ થવાથી યજ્ઞને ન માનનારાઓને આર્યાવર્ત બહાર નીકળવું પડયું. તેઓ પર્શિયા-ઇરાનમાં જઇ વસ્યા ને જરથુસ્તના અનુયાયીઓ તરીકે જાણીતા થયા. તેઓએ પોતાના ઇશ્વરને અહુરમઝ્દ ( असुरमेधाविन् ) નામ આપ્યું, ને આર્યોના દેવ તેઓના દાનવ થયા અને આર્યોના દાનવ તેઓના દેવ થયા.

વેદમાં સુદાસ રાજાએ દસ અધર્મી જાતિઓને હરાવ્યાનું લખ્યું છે તેમ જ પારસીઓની ગાથા ઉસ્તનવૈતિમાં જરથુસ્તના શબ્દો યુદ્ધ તથા હાર બતાવે છે તે યજ્ઞવાળા આર્યો અને યજ્ઞ ન માનનારા પારસી-આર્યો વચ્ચેનું યુદ્ધ બતાવે છે, જેને અંતે પારસી-આર્યો હારી તે ભૂમિમાંથી નીકળી ગયા ને ઇરાનમાં વસ્યા. તેમ છતાં તેઓ પાડોસી હતા એટલે અરસપરસ કાંઇ પણ વ્યવહાર તો રહ્યો જ. તેઓનાં પુસ્તકોમાં હમહીંદુ, હરહવૈતિ, રંઘા, હરોયુ (વેંદીદાદ) શબ્દો છે તે સંસ્કૃત સપ્તસિંધુ, સરસ્વતી, રસા અને સરયુ શબ્દોના જ અપભ્રંશો છે (આ સરયુ નદી તે હાલની તે નામની નદી છે તે નહિ, પણ પંજાબના પશ્ચિમ પ્રદેશની નદી છે.)

આ પારસી—આર્યો સમસ્ત આર્યોના જે દેવ હતા તેની વિરુદ્ધ થયા. તેઓનો ધર્મ વિદએવો-દેવો વિરુદ્ધનો-થયો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને તેઓનું ધર્મપુસ્તક વિદએવોદાત થયું, જેનું સ્વરૂપ વેંદીદાદ થયું છે. યજ્ઞમાં માનનારા આર્યોએ તેમને અસુર કહ્યા. વળી જરથુસ્ત એક ઠેકાણે કહે છે (યસ્ન ૧૨) કે, "હું દેવપૂજક હતો તે હવે મટું છું. હું હવે દેવોના દુશ્મન અને 'અહુર' (असुर) ને ભક્ત થઇ જરથુસ્ત્ર મઝદયસ્ત થાઉં છું." "દેવો કે જે દુષ્ટ, ખરાબ, જૂઠા, અસત્ય તોફાનના ઉત્પાદક, અમંગળ, નાશક અને સર્વ કરતાં નીચ છે તેઓને હું તજું છું."

આર્યોમાં આ યજ્ઞનો મતભેદ પડયો અને પારસી–આર્યો છૂટા પડયા તે કયે ઠેકાણે છૂટા પડયા તે પ્રસ્તુત છે. આ ઝગડો સપ્તસિંધુવાળા પ્રદેશમાં જ થયો હતો, ને ત્યાંથી જ આર્યોના બે વિભાગ પડયા. પારસી—આર્યોને વેદમાં દાસ કે દસ્યુ કહ્યા છે. अव्रतम् એટલે યજ્ઞ ન કરનારને દાસ કહેવામાં આવે છે. એટલે જે લોકોએ યજ્ઞયાગની વૈદિક ક્રિયા મુકી દીધી તેઓ દસ્યુ કહેવાયા. "આર્યોનું સપ્તસિંધુના પ્રદેશમાં ઇંદ્રે દાસદુશ્મનોથી રક્ષણ કર્યું." ઋગ્વેદમાં દસ્યુ અને દાસને હરાવી હાંકી કાઢવા માટે ઇંદ્રને અગ્નિની પ્રાર્થનાઓ છે તે આ ઝગડો દર્શાવે છે. દસ્યુ, દાસ વગેરે કોણ હતા અને તે વિષે પાશ્ચાત્ય વિદ્વાનોમાંના કેટલાક શી ભુલ કરે છે તે સ્વતંત્ર પ્રકરણમાં જોઇશું. અહીં એટલું તો નક્કી થયું કે આર્યોના આદિવતનરૂપ સાત નદીઓના પ્રદેશમાં જ તેઓના વસવાટ દરમ્યાન કેટ-લાક આર્યોએ વૈદિક ક્રિયાઓ કરવી મુકી દીધી તેથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેઓ વૈદિક આર્યો સાથે કેટલાક કાળ પર્યંત લડયે ગયા, અને આખરે વૈદિક આર્યોએ તેમને હરાવ્યા તેથી તેઓ હિંદુસ્થાન છોડી ઇરાનમાં જઇ વસ્યા. એટલે મધ્યએશિયા, યુરોપ અગર ઉત્તર ધ્રુવમાં આર્યોનું આદિસ્થાન હોત તો તેવો ઉલ્લેખ પારસીઓનાં પ્રાચીન પુસ્તકોમાં પણ હોત જ.

હવે પારસી—ઇરાનીઓ આર્ય જ હતા અને અન્ય જાતના ન હતા તે વિષે શંકા ન રહે તેટલા માટે તે સંબંધી થોડું વિવેચન કરીશું.

પ્રાચીન પર્શિયનો એટલે કે હાલના પારસીઓનાં જૂનાં પુસ્તકો અને આર્યો એટલે હાલના હિંદુઓનાં પ્રાચીન પુસ્તકો જોતાં એટલું બધું સરખાપણું દેખાય છે કે તે વિષે શંકા રહી શકતી જ નથી. તે ઉપરથી એમ જ સત્ય જણાય છે કે પારસી તથા હિંદુઓ બન્ને આર્ય હતા, એકસાથે જ આર્યાવર્તમાં રહેતા, એક જ હતા. ત્યાંથી તેઓ ચોતરફ પૃથ્વી ઉપર પ્રસર્યા. ઉત્તર ધ્રુવ આગળ પારસી–આર્યો પણ સહકુટુંબ વસ્યા હતા, ને હિમયુગને લીધે આર્યો તથા પારસી–આર્યો ત્યાંથી પાછા ફર્યા. આર્યો હિમાલય મારફત સ્વદેશમાં આવ્યા ને પારસી–આર્યો પણ ઇરાન પાછા ફર્યા, અને બીજા કેટલાક આર્યો હિમથી નાસતા સંસ્થાનો છોડી જ્યાં આશ્રમ મળ્યો ત્યાં વસી ગયા, અને આ વસાહતના પ્રદેશોનાં પછીથી રશિયા, નૉર્વે, સ્વીડન, જર્મની, ગ્રીસ, ઇટાલી, ગૉલ, ગ્રેટ બ્રિટન અને આયર્લાંડ નામ પડયાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘણા સંસ્કૃત અને ઝંદ શબ્દો બહુ મળતા આવે છે; પણ તે સરખામણીમાં અહીં ઊતરતાં પુસ્તક વિસ્તૃત થઇ જાય, એટલે દેવોનાં નામનું સરખાપણું ફક્ત જોઇ જઇશું. ઋગ્વેદમાં તો કેટલેક ઠેકાણે અસુરના વખાણ કરેલાં જોવામાં આવે છે. ઇંદ્ર, સૂર્ય, અગ્નિ અને વરુણને અસુર કહ્યા છે, એટલે એમ જણાય છે કે દેવ અને અસુરનો તીવ્ર, વિરોધી ભેદ યજ્ઞક્રિયા પરત્વે આર્યોમાં ક્લેશ પેસી બે પક્ષ થયા પછી થયો હશે. અસુર, અહુર પક્ષના આર્યો અને દેવ પક્ષના આર્યો. વૈદિક આર્યો અસુર શબ્દ તિરસ્કારથી વાપરવા લાગ્યા, જ્યારે પારસી-આર્યોમાં ' દીવ ' શબ્દ દુષ્ટ વ્યક્તિઓ માટે વપરાય છે.

જે ઇંદ્ર વેદમાં ' વૃત્રહા ' કહેવાયો છે તે ' વરથ્રઘ્ન ' નામથી ઝંદ અવેસ્તામાં જાણીતો છે. તે નામથી તેની પૂજા થાય છે, જ્યારે તેના મૂળ નામ ' ઇંદ્ર '-ને ઝંદમાં દુષ્ટમાં મુકયું છે. વેદનો 'સોમ' તે ઝંદ સાહિત્યમાં ' હોમ ' થાય છે. પારસી-આર્યો જુદા પડયા છતાં ' હોમ ' પીવાનું અને તેને પૂજવાનું તો તેઓએ ચાલુ રાખ્યું જણાય છે. હજી પણ એ વનસ્પતિ પારસી ધર્મગુરુઓ વાપરે છે.

| ઝંદ. | સંસ્કૃત. |
| --- | --- |
| શાઊર્વ-દએવ. | શર્વ ( શિવનું એક નામ છે ) |
| નાઓન્હાઇથ્ય-દએવ. | નાસત્ય. |
| મિથ્ર. | મિત્ર. |
| એર્યમન. | અર્યમન. |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| | |
|---|---|
| બગ. | ભગ. |
| અર્મૈતી. | અરમતિ. |
| વયુ. | વાયુ. |
| યીમ. | યમ. |
| આથ્રવ. | અથર્વન્. |
| ઇસ્તી. | ઇષ્ટિ. |
| આઝુઇતી. | આહૂતિ. |
| ઝઓતા. | હોતા. |
| રથ્વી. | અધ્વર્યુ. |

ઋગ્વેદમાં દેવોની સંખ્યા તેત્રીસ ( **त्रिभिरेकादशै** ) આપી છે. તૈત્તિરીયસંહિતા અને શતપથબ્રાહ્મણમાં પણ તે જ સંખ્યા બતાવી છે. ઐત્તરેયબ્રાહ્મણ અને અથર્વવેદ પણ તેટલા જ દેવો કહે છે. ઝંદ અવેસ્તામાં પણ તેત્રીસ "રતુ" જરથુસ્ત જાહેર કરે છે. બ્રાહ્મણોના જનોઇને પારસીઓની કસ્તીની સાથે ઘણું સામ્ય છે, અને મરણક્રિયામાં પંચગવ્યનો ઉપયોગ બન્નેમાં બતાવ્યો છે. મધ્યસ્થ એક પર્વતને મેરુ કહેવામાં આવે છે. પારસીઓ "અલબોર્જ" કહે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૩

## આર્યોના દેવો.

### ૧. અગ્નિ.

આર્યોનું મૂળ વતન આર્યાવર્તની બહાર બતાવનારાઓને એક બીજી મુશ્કેલી નડે છે. આર્યોના દેવોની ખોટ નથી. અસંખ્ય દેવોનાં વર્ણન આવે છે. છતાં કોઇ પણ દેવનું નિવાસસ્થાન પૃથ્વી ઉપર કોઇના અન્ય દેશમાં બતાવવામાં આવ્યું નથી. તેનો નિકાલ તેમાંના કેટલાક એવી રીતે કરે છે કે આર્યોના દેવો પણ વિદેશીય છે! આ કલ્પના કેવી ખોટી છે તે જોઇએ.

વેદના વખતમાં અગ્નિ એક પ્રધાન દેવ જણાય છે, ને તેને માટે પુષ્કળ પ્રેમ અને આદર વેદમાં જોવામાં આવે છે. તેને દેવનો દૂત, દેવોનો પણ દેવ, વગેરે નામ અપાયાં છે. હવે આ અગ્નિનું આદિજન્મસ્થાન કયું તે પ્રશ્ન અહીં પ્રસંગોચિત છે. શતપથબ્રાહ્મણમાં લખ્યું છે કે " વિદેઘ-માથવનો ઋત્વિજ્ ગોતમ રાહુગણ ઋગ્-વેદનો મંત્ર **तं त्वा घृतस्नव ईमहे** વગેરે બોલ્યો ત્યારે વિદેઘ માથવ, જે સરસ્વતીના પ્રદેશમાં હતો ( **विदेघो माथव आस सरस्वत्याम** ) અને જેણે મોંમાં અગ્નિ પકડી રાખ્યો હતો તેમાંથી તે અગ્નિ નીકળીને ત્યાં પૃથ્વી ઉપર પડયો ( **स इमां पृथिवीं प्राप** ). આ પ્રદેશમાંથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અગ્નિ બધી નદીઓ ઓળંગી બાળતો બાળતો પૂર્વ તરફ પ્રસર્યો, અને હિમાલયમાંથી નીકળતી 'સદાનીર' નદી સુધી પહોંચી ત્યાં અટકયો; કારણ કે તે નદીની બીજી બાજુનો પ્રદેશ ભેજવાળો અને કીચડકાદવવાળો હતો, કારણ કે અગ્નિથી તે બળેલો ન હતો. એનો અર્થ એ કે આર્યોએ સદાનીર નદી ઓળંગીને તે પ્રદેશ ભેજવાળો હોવાથી વસાવ્યો નહિ. તથાપિ પછીથી તે પ્રદેશમાં પણ આક્રમણ તેઓએ કર્યું હતું.

આ શું બતાવે છે ? એ જ કે અગ્નિ સરસ્વતીને કિનારે પ્રથમ પ્રગટ થયો અને વિદેઘ, માથવ, અંગિરસ્‌ની માફક તેને પૃથ્વી ઉપર આણ્યો, અને તે પ્રદેશથી આપણા આર્ય પૂર્વજો તેને સંસ્થાનોમાં પોતાની સાથે લઇ ગયા. કદાચ તે ત્રણ જણા સંસ્થાનો સ્થાપવા બહાર નીકળી પડેલા આર્યોના નેતા હશે.

વળી ઋગ્વેદમાં કહ્યું છે કે " અગ્નિ અંગિરા ઋષિઓમાં પ્રથમ છે, " અને તેને " પહેલો અંગિરસે પ્રકટાવ્યો હતો " ને તે પૂર્વમાં ( पूर्वमनयन् ) " દૃષદ્વતી, અપયા, અને સરસ્વતી નદીઓના પ્રદેશમાં પ્રાચીન કાળમાં ઘર્ષણથી ઉત્પન્ન થયો હતો. "

અગ્નિને પ્રથમ કોણે પ્રગટ કર્યો એ બાબતમાં એક કરતાં વધારે મત છે; તો પણ તે કયાં પ્રગટ થયો હતો તે બાબતમાં સર્વ એકમત જ છે, તે ધ્યાનમાં લેવા જેવું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. પ્રાચીન લેખોમાં સરસ્વતી નદી અને સાત નદીઓના પ્રદેશનો જ વારંવાર ઉલ્લેખ આવ્યાં કરે છે.

## ૨. સોમ, ઈંદ્ર, ઉષસ્, સરસ્વતી, અને સૂર્ય.

સોમનું ઉત્પત્તિસ્થાન હિમાલય જ છે. ઈંદ્ર તેમ જ ઉષા માટે પણ આપણે પાછળ જોઈ ગયા તેમ તેઓની પ્રવૃત્તિ સિંધુ તેમ જ વિપાશા નદીઓ પાસે બતાવવામાં આવી છે. સરસ્વતી એવી મહત્ત્વની છે કે તે વિષે ખાસ પ્રકરણમાં વિવેચન કરીશું, ને સૂર્ય વિષે પણ તેમાં જ અવલોકન કરીશું.

## ૩. અશ્વિનો.

સોમ, ઈંદ્ર અને ઉષસ્‌ના સંબંધમાં અશ્વિન્ દેવોનો ઉલ્લેખ ઋગ્વેદમાં વારંવાર આવે છે, અને તે દેવો અતિ પ્રાચીન છે એમ બતાવતાં તેને માટેનાં વિશેષણો વાપરવામાં આવેલાં હોય છેઃ–प्रत्ना, पुराज्ञा, વગેરે. આ અશ્વિનોના સંબંધમાં કયો પ્રદેશ બતાવવામાં આવ્યો છે તે આપણે જોવાનું છે. ( परियां सप्तस्रवतो रथो गात् ) " સાત નદીઓના પ્રદેશ ઉપરથી તેઓ ગયા. " વળી અશ્વિનોને **नासत्या** અને **दस्रा** નામ આપવામાં આવ્યાં છે, અને તેઓને સિંધુના પુત્ર ( सिंधुमातराः ) કહ્યા છે. તેનું કારણ એ કે આર્યો સપ્તસિંધુના પ્રદેશમાં રહીને તેઓને સિંધુ નદીનાં વિશાળ જળ ઉપર ઊગતા જુએ છે.

અહીં પ્રશ્ન એ થાય છે કે સિંધુ એટલે સિંધુ નદી કે સિંધુ એટલે સમુદ્ર ? સિંધુને સમુદ્રના અર્થમાં ઘણા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમજ્યા છે, ને તે પ્રથમ ભૂલ આપણે જ કરી છે, જેનું અનુકરણ હાલના કેટલાક અન્ય વિદ્વાનોએ કર્યું છે. સિંધુનો અર્થ સ્પષ્ટ રીતે નદી જ થાય છે તેની સાબીતી તેમાં જ છે. જે સાધનો વડે "સિંધુને મીઠા પાણીથી વહેવડાવી" તે સાધનોને લઇને આવવાનું આમંત્રણ અશ્વિનોને અપાય છે (याभिः सिंधुं मधुमन्तमसश्च तं). અન્ય સ્થળે સિંધુને મળતી ને તેની જ ઉપનદી रसाને જે સાધનો વડે તેઓએ પાણીથી છલકાવી દીધી હતી તે સાધનો વડે આવવાનું કહ્યું છે. આ પ્રમાણે અશ્વિનોનો સિંધુ તેમ જ રસા નદીઓ સાથેનો સંબંધ બતાવ્યો છે. વિશેષમાં અશ્વિનોને सिंधुमातराः કહ્યા પછી એવા શબ્દો આવે છે કે "તમારો દિવ્ય રથ સિંધુના કિનારા ઉપર ઊભો છે" (तीर्थे सिंधूनां). સમુદ્ર માટે એ શબ્દ વપરાયો હોય તો મીઠા પાણીથી વહેવડાવવાની વાત તદ્દન અસ્થાને છે. વળી રસા નામની સિંધુ નદીની ઉપનદી પણ જાણીતી છે. તો પછી સરળ અર્થ નદીનો બેસે છે તેને મરડી નાખીને સમુદ્રનો અર્થ લાગુ કરવો એ કેવળ દુરાગ્રહ જ ગણાય.

સાયણની નજરચૂક થઇ જણાય છે. सिंधुमातराः નો અર્થ તે 'સમુદ્રના પુત્રો' એમ કરે છે અને પાછો બીજે ઠેકાણે સિંધુને स्पन्दनशीलां नदीं "વહેતી નદી" કહે છે અને मधुमन्तम् શબ્દને પણ સિંધુ સાથે યોજે છે–"મધ જેવા મીઠા પાણીથી પૂર્ણ." સમુદ્રને બીજાં ગમે તે વિશેષણો અપાય, પણ તેને "મીઠો" તો કોઇ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ન જ કહે. ટિળક પણ તે જ ભૂલમાં પડયા છે અને “ મીઠો સમુદ્ર ” એમ અર્થ કરે છે અને વિશેષમાં રસા નદી કોઇ સ્વર્ગીય નદી હશે એમ કહે છે. ઋગ્વેદમાં કુભા, કૃમુ અને ગોમતી નદીઓનાં નામ સાથે રસા નદીનું નામ સ્પષ્ટ આવે છે. તેમ છતાં તેને સ્વર્ગીય કલ્પવાનું શું કારણ તે સમજાતું નથી.

આ ઉપરથી અશ્વિનોનો ઉલ્લેખ સિંધુ નદી એટલે કહો કે સાત નદીઓવાળા પ્રદેશના સંબંધમાં જ કરાએલો છે એટલે આર્યોનું આદિસ્થાન તે છે તેની તેઓ સાક્ષી પૂરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૪.

---

## ભૂસ્તરવિદ્યાનાં અનુમાનોથી મળતી પુષ્ટિ; અને સરસ્વતી નદીનું અતિ મહત્ત્વ.

વેદ અતિ પ્રાચીન છે. મનુષ્યજાતિનું તે આદિ-લખાણ છે. વેદકાળની પૂર્વેની સ્થિતિ સૂચવનાર પૃથ્વી ઉપર અન્ય કોઇ લેખ મળ્યો નથી. તે વેદ આર્યાવર્તમાં-સાત નદીઓના પ્રદેશમાં-વસતા આર્ય લોકોની રચના છે. તેઓ પણ તેને પ્રાચીન અને ઇશ્વરપ્રણીત માનતા હતા. તે પ્રદેશ ભૂસ્તરવિદ્યાના મતથી પણ અતિ પ્રાચીન સાબીત થાય તો જ પરસ્પર વેદ તથા આર્યોનું આદિ-સ્થાન એકબીજાની પૂર્તતા કરે.

મેડલીકૉટ, બ્લેનફર્ડ અને ડૉ. ઑલ્ડહેમ એ ત્રણ નામીચા ભૂસ્તરશાસ્ત્રીઓએ હિંદુસ્તાનની ભૂમિનું તે શાસ્ત્રના દૃષ્ટિ-બિંદુથી અવલોકન કર્યું છે; અને તેઓનો એક જ અભિપ્રાય થાય છે કે, હાલ જે રાજપૂતાનાનો પ્રદેશ છે તે પ્રથમ સમુદ્ર હતો અને અરાવલિના પર્વતો પ્રથમ બહુ ઊંચા અને મહાન હતા. આ સમય એટલો પ્રાચીન હતો કે તેની પહેલાં પૃથ્વીની સ્થિતિ શી હતી તે ભૂસ્તરવિદ્યાના ક્ષેત્ર બહાર જાય છે. તે સમયમાં આર્યાવર્તની ભૂમિ અસ્તિત્વમાં હતી.

પૃથ્વી જે સમયમાં એટલી ઉષ્ણ હતી કે તે ઉપર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વનસ્પતિ કે જીવન હોઇ શકે નહિ તે સમયને "અજીવયુગ" (એઝોઇક એજ) કહેવામાં આવે છે. પછી ધીમે ધીમે પૃથ્વી ઠંડી પડતી ગઇ અને પ્રથમ વનસ્પતિચૈતન્ય અને પછી પ્રાણીચૈતન્ય ઉપસ્થિત થયું હશે. ( या ओषधीः पूर्वा जाता. ઋ. વે.) હાલના ભૂસ્તરશાસ્ત્રી પણ એમ જ કહે છે. આ પ્રાણીચેતનના ઉદ્દ્ભવ સાથે "પૂર્વજીવક" યુગની શરૂઆત થઇ. તે સમયમાં અને હિમયુગની પહેલાં ઉત્તર ધ્રુવ આગળ હવા સમશીતોષ્ણ અને વસાહતયોગ્ય હતી. આ સમયનાં અસંખ્ય વર્ષોના ઘણા પેટાવિભાગ પડે છે તેમાં ડૉ. નોએટ્લીંગ જેવા નામાંકિત ભૂસ્તરશાસ્ત્રીનો મત છે કે પંજાબવાળો પ્રદેશ "કૅમ્બ્રિયન કાળ"થી પણ પ્રાચીન છે, જ્યારે ઉત્તર ધ્રુવ આગળની ભૂમિ કૅમ્બ્રિયન પછીના સમયની-અને "સીલ્યુરિયન" કાળની જણાય છે. ટૂંકમાં ભૂસ્તરશાસ્ત્રથી સિદ્ધ થાય છે કે આર્યાવર્તની ભૂમિ ઉત્તર ધ્રુવ આગળની ભૂમિથી ઘણી પ્રાચીન છે. (ભૂસ્તરશાસ્ત્રમાં "કૅમ્બ્રિયન" કાળ "સીલ્યુરિયન" સમયથી પહેલાંનો છે.)

સાત નદીઓનાં નામ આ પ્રમાણે આપેલાં છેઃ—ગંગા, યમુના, સરસ્વતી, સતલજ ( શતુદ્રુ ), રાવિ ( ઇરાવતી ), ચિનાબ ( ચંદ્રભાગા ), ઇંડસ (સિંધુ). આ સર્વમાં જો કે સરસ્વતી સરખામણીમાં નાની છતાં ઋગ્વેદમાં તેને અગ્રસ્થાન અપાયું છે અને તેના મહિમાનો પાર નથી. ઋગ્વેદનું એક વાક્ય બહુ મહત્ત્વનું છેઃ—त्वे विश्वा

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सरस्वती त्रितायूंषि देव्याम् "હે સરસ્વતિ ! સર્વ પ્રાણીચેતન તારામાં છે." પૃથ્વી ઉપર પ્રાણીચૈતન્યનું સરસ્વતિ આદિસ્થાન છે-જીંદગાએ પહેલો દેખાવ પૃથ્વી ઉપર સરસ્વતીના પ્રદેશમાં દીધો માટે જ સરસ્વતીની અતિ પવિત્રતા અને તેનું ગૌરવ. વેદના આર્યોને હાલના ભૂસ્તર શાસ્ત્રીઓ માફક તે નદીના કિનારાના પ્રદેશમાં જીવનમય પ્રાણીઓના આદિ અવશેષો મળ્યા હોય-ગમે તેમ હોય-પણ સરસ્વતીના બેહદ ગૌરવનું કારણ આ જ છે. મનુષ્યનો અમર પ્રાણીસૃષ્ટિનો પ્રથમ જન્મ જ એ પ્રદેશમાં થયો હશે. ભૂસ્તરવિદ્યાનિપુણ મેડલીકૉટ કહે છે કે "તે ટેકરીઓ નજીક પ્રાણીનું અતિપ્રાચીન સ્વરૂપ દૃષ્ટિગોચર થાય છે." ( ટેકરીઓ એટલે પંજાબની 'સૉલ્ટ રેંજ.' )

સરસ્વતીએ તેના પ્રદેશમાં પ્રાણ, જીવન (आयूंषि) આપ્યું એટલું જ નહિ, પણ રહેવા માટે જમીન (अवनिः) અને પાણી (विषम्) આપ્યાં, અને તેથી જ તેને અંબિતમે, નદીતમે, દેવીતમે, એવાં નામ આપવામાં આવ્યાં. આ સરસ્વતી બીજી નદીઓ સાથે સાત બહેનો થાય છે. આ સાત નદીઓવાળો પ્રદેશ તે જ આર્યાવર્ત, આર્યોનું આદિસ્થાન; અને તેઓને તે અતિ પ્રિય હતો એમાં શંકા જેવું નથી જ.

તે પ્રદેશમાંથી આર્યો પૂર્વ તરફ આગળ વધ્યા, જે આપણે અગ્નિના સંબંધમાં જોયું; અને તેઓ સદાનીર સુધી ગયા; પણ તેની પેલી તરફનો પ્રદેશ ભેજવાળો હોવાથી આર્યો પાછા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ર્યા ( आऽपरं पुनः ) એટલે આર્યોએ પ્રથમ પૂર્વ તરફ -બંગાળા તરફ-નિષ્ક્રમણ કર્યું અને સદાનીર સુધી સંસ્થાનો સ્થાપ્યાં. શતપથબ્રાહ્મણમાં વિસ્તૃત હકીકત આપી છે તે ઋગ્વેદના છૂટાછવાયા પ્રસંગોને બરાબર સમજાવે છે. આર્યોનો નિષ્ક્રમણમાર્ગ પૂર્વથી પશ્ચિમ તરફ હતો. સરસ્વતીના પ્રદેશમાંથી તેમણે નીકળી સિંધુ નદી તરફ આક્રમણ કર્યું ને તેથી પણ આગળ નવા પ્રદેશો તરફ નીકળી પડયા. એટલે આર્યોએ કોઇ બહારની ભૂમિમાંથી આવી આર્યાવર્ત ઉપર ચઢાઇ કરી એ વાત તદ્દન કલ્પિત હોવાનું સ્પષ્ટ થાય છે. ઋગ્વેદમાં નદીઓનાં નામ આપ્યાં છે તે અનુક્રમ પણ જોવા જેવો છે. પૂર્વથી શરૂ થઇ તે પશ્ચિમ તરફ સમાપ્ત થાય છે. અનુક્રમવાર નામ નીચે પ્રમાણે છેઃ-ગંગા, યમુના, સરસ્વતી, શતુદ્રુ, પરુષ્ણિ, અસિકની, મરુદ્વૃધા, વિતસ્તા, આર્જીકીય, સુષોમા,તૃષ્ટામા, સુસર્તુ, રસા, શ્વેતિ, સિંધુ, કુભા, ગોમતી, ક્રુમુ, મેહત્નુ. કુભા તે અફઘાનિસ્તાનની કાબુલ નદી; અને ગોમતિ તથા ક્રુમુ પશ્ચિમમાંથી નીકળી સિંધુને મળે છે. સરસ્વતી તે હિમાલયમાંથી યમુનાની પશ્ચિમે નીકળી પંજાબમાં થાણેશ્વર નજીક થઇ અને સરહિંદના રણમાં અદૃશ્ય થઇ જાય છે. બીજી નદીઓ જે નક્કી થઇ છે તે નીચે પ્રમાણેઃ-

શતુદ્રુ=સતલજ

પરુષ્ણિ=રાવી

અસિક્ની=ચિનાબ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મરુદ્વૃધા=વિતસ્તા સાથે મળ્યા પછી ચિનાબ
વિતસ્તા=જહેલમ

અર્જીકીય
આર્જીકીય } =બિયાસ
વિપત્

આ આર્યાવર્તમાં એ સરસ્વતી અને દૃશદ્વતી નદીઓ વચ્ચેના પ્રદેશ તે બ્રહ્માવર્ત, એમ મનુસ્મૃતિ તેમ જ મહાભારત કહે છે. બ્રહ્માવર્ત્ત શબ્દમાં પણ મનુષ્યની ઉત્પત્તિ તે પ્રદેશમાં જ થઇ તેને ટેકો મળે છે. બ્રહ્મા તે સરજનહાર, પ્રાણીમાત્રના ઉત્પાદક એટલે પ્રાણીમાત્રના તે ઉત્પાદક પ્રદેશને તેટલા માટે જ બ્રહ્માવર્ત કહ્યો. એટલે આર્યો તો આર્યાવર્તના છે એટલું જ નહિ, પણ સમસ્ત પ્રાણીનું આદિ-ઉત્પત્તિસ્થાન પણ તે જ છે.

બીજી લક્ષમાં લેવા જેવી હકીકત હિમાલય પર્વતની છે. જ્યાં ત્યાં તે પર્વતને उत्तरं गिरिं (ઉત્તરનો પર્વત) કહ્યો છે. હવે વિચાર કરો કે આર્યો આર્યાવર્તની બહારથી આવ્યા હોય તો તેનો કોઇ પણ સ્થળે दक्षिणं गिरिं (જો હિમાલયના ઉત્તરથી એટલે તિબેટ તરફથી હિંદુસ્તાનમાં આવ્યા હોય તો ) અગર पूर्वगिरिं ( હિંદુકુશ આગળથી આવ્યા હોય તો ) એવો ઉલ્લેખ કેમ ન હોય ? તેઓને તે ઉત્તરનો પર્વત તો ક્યારે હોઇ શકે કે હિંદુસ્તાનમાં રહેતા હોય તો જ. સંસ્કૃતના વિશાળ સાહિત્યમાં હિમાલયનાં અનેક નામો છે પણ કોઇ ઠેકાણે તેને દક્ષિ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચુનો પર્વત કહ્યો નથી. એટલે એ એક જ સાબીતી પુરવાર કરવા બસ છે કે આર્યોનું મૂળ વતન આર્યાવર્ત જ હોવું જોઇએ. ઉત્તર ધ્રુવ આગળ કે અન્ય ગમે તે સ્થળે તેઓ સંસ્થાનો કરે તો પણ તેઓને હિમાલય તો ઉત્તરગિરિ જ રહેવાનો. આર્યાવર્તની ભૂમિથી આર્યો અજાણ્યા હોઇ બહારથી આવ્યા હોય તો તેઓને પર્વતની પ્રથમ ખબર ન જ હોય એટલે નૈસર્ગિક રીતે તેઓ તેને દક્ષિણગિરિ જ કહે. શતપથબ્રાહ્મણ, જે ઇ. સ. પૂ. ૨૫૦૦ વર્ષ ઉપરનું છે, તેમાં પણ હિમાલયને ઉત્તરગિરિ જ કહ્યો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૫

## દસ્યુ, દાસ, રાક્ષસ વગેરે આર્યથી ભિન્ન જાતિ હતી? આર્યો સ્થિરવાસી ન હતા?

આર્યોના વિદેશવાદમાંના ત્રણ મુખ્ય વાદો આપણે જોયા. તે વાદોની એક બાજુનું નિરીક્ષણ કરવું રહી જાય છે તે અત્રે કરીશું. આર્યો બહારથી આવ્યા એટલું જ કહીને તે વાદોના પ્રતિપાદકો અટકતા નથી. હિંદુસ્તાન દેશ ઉજ્જડ, વસતિ વગરનો હતો, એટલે તેઓ આવીને વસ્યા એમ નથી કહેતા. વિશેષમાં તેઓ કહે છે કે આર્યાવર્તના મૂળ વતનીઓ તો ત્યાં હતા. તેઓને હરાવી, કબજે કરી, હાંકી કાઢયા અને તેઓનો પ્રદેશ જે આર્યાવર્ત તેનો કબજો આર્યોએ લઇ લીધો. વેદમાં અસુર, દસ્યુ, દાસ, રાક્ષસ વગેરે જે નામો આવે છે અને જેઓની સાથે સતત લડાઇઓનું વર્ણન આવે છે તે જ આર્યાવર્તના મૂળ વતનીઓ. તેને દક્ષિણ તરફ કાઢી મુકયા અને તેઓની ભૂમિ પચાવી પડયા. આ પ્રમાણે તેઓનું કથન છે. એટલે એ નામ ધરાવનાર કોઇ અનાર્ય જાતિઓ હતી કે કેમ તે પ્રશ્ન તપાસીશું.

આ દસ્યુ કે રાક્ષસો અનાર્ય હતા તેવું બતાવવા તેમ કહેનાર પાસે એક પણ સાબીતી કે સાધન નથી. મુર કહે છે કે “ ઋગ્વેદમાં દસ્યુ અગર અસુરોનાં બધાં નામ હું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તપાસી ગયો છું ને તેમાંના કોઇ અનાર્ય અગર ત્યાંના આદિવતની કહી શકાય એવાં નામ નીકળે છે કે કેમ તેની સૂક્ષ્મ તપાસ પણ કરી છે; પણ તેવું કંઇ મળ્યું નથી.”

તેવું મળી શકે એમ નથી તેનું સરળ એ જ કારણ કે તેવું છે જ નહિ. અસુરો અને દસ્યુઓ વગેરે આર્ય જ હત. વૈદિક ક્રિયા અને યજ્ઞ ન કરનારાઓને દસ્યુ, દાસ, અસુર, રાક્ષસ, યાતુધાન, મૃધૃવાચસ્ વગેરે નામ તિરસ્કારમાં આપવામાં આવ્યાં હતાં. આ શબ્દો એવા સાધારણ હતા કે ધર્મ પ્રમાણે ન વર્તનારને પણ રાક્ષસ નામ આપવામાં આવતું. રાવણ રાક્ષસ હતો તેમાં શંકા જ નથી. તેમ છતાં તે આર્ય હતો એટલું જ નહિ, પણ ઉત્તમ ઋષિકુળનો બ્રાહ્મણ હતો. તે સર્વ કલાશાસ્ત્રોમાં પ્રવીણ હતો, આર્યોના દેવમહાદેવનો ઉપાસક હતો, એટલું જ નહિ પણ વેદશાસ્ત્રોનો મહા અભ્યાસી હતો. રાક્ષસોની લંકાનગરમાં વેદનો ઘોષ ગાજી રહેતો હતો. આ તો રામાયણની વાત. પણ ખુદ વેદ જ તપાસીએ કે તે એ વિષયમાં શો ખુલાસો કરે છે.

આપણે આગળ જોઇ ગયા કે આર્યોમાં યજ્ઞ વગેરે વૈદિક કર્મો વિષે બે વિભાગ પડયા, અને યજ્ઞમાં નહિ માનનારા અને તે નહિ કરનારા આર્યો તે પારસી–આર્યો વૈદિક આર્યોથી જુદા પડયા. તે પારસી–આર્યો માટે દાસ, દસ્યુ, રાક્ષસ, વગેરે શબ્દો વપરાયા છે. તેઓ અનાર્ય, બીજી જાતિ ન હતી. એક જ આર્યજાતિમાં સગાંસંબંધી હતાં;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ યજ્ઞની બાબતમાં મતભેદ તીવ્ર થયો તેથી બન્ને પક્ષો પરસ્પર દુશ્મન થયા.

દસ્યુ, દાસ વગેરે માટે **कृष्णाः कृष्णगर्भाः** 'કાળા' શબ્દો વપરાએલા વેદમાં જોવામાં આવે છે તેથી કેટલાક વિદ્વાનો દોરવાઇ જઇ કોઇ કાળા અનાર્ય લોકો ત્યાં વસતા હોવા જોઇએ એમ અનુમાન કરે છે. આર્યો તો બધા ઊજળા વર્ણના હતા, વૈદિક તેમ જ અવૈદિક; પણ 'કાળા' શબ્દ તો તિરસ્કારવાચક જ ફક્ત છે. એ જ રીતે પારસી-આર્યો વૈદિક આર્યોને પણ ' કાળા ' કહે છે. હાલના યુરોપીય લોકો તિરસ્કારમાં હિંદુઓને 'નીગ્રોઝ' કાળા કહે છે તે એ જ ન્યાય પ્રમાણે.

દસ્યુ શબ્દ ઉપર સાયણ ટીકા કરે છે કે દસ્યુ એટલે દુશ્મન, ચોર, વૈદિક અનુષ્ઠાનનો નાશ કરનાર. આર્યનો અર્થ ઋગ્વેદ એમ જ કરે છે કે "ક્રિયા કરનારા ડાહ્યા પુરુષો." "યજ્ઞક્રિયા કરવાને લીધે ઉત્તમ." દસ્યુ શબ્દનો ધાતુ **दस्** એટલે નાશ કરવો, જેથી દસ્યુ એટલે યજ્ઞાદિક ક્રિયાઓનો નાશ કરનાર. ઋગ્વેદ સ્પષ્ટ રીતે આર્ય અને દસ્યુનો ભેદ બતાવે છેઃ-' આર્ય અને જેઓ દસ્યુ છે તેનો ભેદ જાણો અને યજ્ઞક્રિયા ન કરનારને શિક્ષા કરી યજ્ઞ કરનારને તાબે કરો; યજ્ઞ કરે તેને મજબૂત ટેકો આપો." વળી મનુસ્મૃતિમાં કાંબોજ અને બીજાઓ જો કે આર્ય છે તો પણ તેમને દસ્યુ કહેવામાં આવ્યા છે; કારણ કે તેઓ નીચતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પામ્યા છે (वृषलत्वं गता लोके), કારણ કે બ્રાહ્મણોનો તેઓને સંસર્ગ નથી (ब्राह्मणादर्शनेन च).મહાભારતમાં પણ પોતાનું કર્મ નહિ કરનારને દસ્યુ કહ્યા છે ( दस्यूनां निष्क्रियाणां ). આ પ્રમાણે સ્વધર્મ અને સ્વકર્મથી ચ્યુત થઇ આર્યોની સંસ્કૃતિના સંસર્ગથી તેઓ જુદા પડતા ગયા, અને તેથી તેઓ ગામડિયા, જંગલ તથા પહાડ-ટેકરીઓમાં વસતા થઇ જઇ દાસપણું અને નોકરીનાં કામો કરતા જંગલી જેવા થઇ ગયા.

આર્યો અને આર્યાવર્તના જંગલી કાળા મૂળ વતનીઓ એમ બે પક્ષ વેદ, સ્મૃતિ વગેરેમાં કોઇ ઠેકાણે છે જ નહિ. તે પક્ષો તો ગેરસમજથી કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોએ ઊભા કર્યા છે. દસ્યુ અગર દાસ શબ્દ પોતે નિર્દોષ છે. તે તિરસ્કારનો પણ શબ્દ નથી. એ શબ્દ હજી પણ હિંદુઓના નામને છેડે પુષ્કળ પ્રચલિત છે. દિવોદાસ, સુદાસ, મહિદાસ આ નામો વેદમાં શુદ્ધ વૈદિક આર્યો માટે વપરાયાં છે.

બીજો એક પ્રશ્ન ઊભો થાય છે. જો આર્યો બહારથી આવ્યા હોય અને અનાર્ય જાતિને તેમણે ક્રમેક્રમે જીતી હોય તો તેઓના સંસર્ગની કંઇ પણ અસર, તેઓની ભાષાનો કંઇ પણ અંશ આર્યોની ભાષામાં ઊતરવાં જોઇએ. ઘણાં વર્ષોથી દુશ્મનાવટનો ગમે તો સહવાસ હોય તો પણ પરસ્પર શબ્દોના આપલે થયા વગર રહે જ નહિ. આર્યો પરદેશી હોય તો આર્યાવર્તના પહાડો,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નદીઓ, સરોવરો વગેરેનાં જે નામ ત્યાંના અનાર્યોમાં પ્રચલિત હોય તે ગ્રહણ કરે. પછીથી નવાં નામ પાડે તો પણ કેટલાંક જૂનાં નામ તો રહે જ. દાખલા તરીકે, સિકંદરના વખતમાં ગ્રીકો હિંદુસ્તાન ઉપર ચઢી આવ્યા ત્યારે તેઓએ હિંદુસ્તાનનાં જે નામ હતાં તે જ લીધાં, જો કે અન્ય ભાષામાં તે બોલાવાથી એટલો ફેરફાર થઇ ગયો છે કે તે ઓળખવાં મુશ્કેલ પડે છે. તેમ છતાં તે પકડાઇ જાય છે. વિપાશા નદીનું હીપેસીસ થયું, પાટલીપુત્રનું પાલીબોથ્રા અને ચંદ્રગુપ્તનું સંડ્રેકોટસ થયું. તે પ્રમાણે કાલ્પનિક અનાર્ય લોકોનો એક પણ શબ્દ સંસ્કૃતમાં દેખાતો નથી.

વળી આ અનાર્યોને જંગલી, વનોમાં રખડતાં કલ્પવામાં આવ્યા છે; પણ દસ્યુઓને તો ધનવાન, લોખંડના કિલ્લાઓવાળા ઋગ્વેદમાં કહ્યા છે.

દાસ અગર દસ્યુ માટે આપણે જે કહી ગયા તે જ અસુર, રાક્ષસ પરત્વે લાગુ પડે છે. છાંદોગ્ય ઉપનિષદમાં લખ્યું છે કે " એટલે હાલમાં પણ જે કોઇ દાન ન કરે અગર જેને શ્રદ્ધા ન હોય અગર જે યજ્ઞ ન કરે તે અસુર કહેવાય છે." યાતુધાન, કૃષ્ણત્વચ, કૃષ્ણગર્ભ, મૃધવાચ—આ શબ્દો માટે પણ તેવી જ દલીલો છે. તેઓ કોઇ અનાર્ય જાતિના દર્શક નથી. વસિષ્ઠ માટે વિશ્વામિત્ર તેવા જ શબ્દો ઋગ્વેદમાં બે ત્રણ ઠેકાણે વાપરે છે. રામાયણમાં રાક્ષસનો અર્થ ' પોતાની રક્ષા જાતે કરી શકે તે '

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એમ બતાવ્યો છે. કોઇ વાર રાક્ષસ શબ્દ બળવાન, જંગલી જાતિઓ આર્યાવર્તમાં હોય તેને માટે પણ વપરાતો હશે. તેમ છતાં તેથી આર્યોનો આદિદેશ આર્યાવર્ત ન હતો એવું લેશ માત્ર સિદ્ધ થતું નથી. આર્યો બહુ સાહસિક હતા એટલે તેઓને આર્યાવર્તની બહાર નીકળી સંસ્થાનો સ્થાપતાં અનેક જાતિઓ સાથે પ્રસંગ પડયો હશે. બહારની કોઇ કાળી જાતિઓએ આર્યાવર્તમાં પ્રવેશ કર્યો હોય અને તેઓ પણ આર્યોનાં યજ્ઞયાગાદિક કાર્યોમાં વિઘ્ન નાખતા હોય એમ પણ બનવાજોગ છે. કાળી ચામડીના લોક આર્યાવર્તમાં હતા જ નહિ અગર આવ્યાં જ ન હતા એવું આપણું કહેવું નથી. આપણું કહેવું એટલું જ છે કે આર્યો આર્યાવર્તના મૂળ વતની ન હતા પણ કોઇ કાળી અનાર્ય જાત જ ત્યાં વસતી હતી એ હકીકત કોઇ પણ રીતે સાબીત થતી નથી.

**મૃધ્રવાચઃ**નો અર્થ **મૃદુવાચ**—મૃદુ, સહેલા શબ્દો વાપરનાર–એમ યાસ્ક કરે છે. આ શબ્દ પારસી-આર્યોને લાગુ પડે છે; કારણ તેઓ ભાષામાં સ ને બદલે હ બોલે છે, અને તેવા બીજા અશુદ્ધ ઉચ્ચાર કરે છે. સંસ્કૃત ભાષા શુદ્ધ રાખવા તરફ આર્યો બહુ જ લક્ષ આપતા એમ શતપથબ્રાહ્મણ વગેરેથી જણાય છે એટલે આ અશુદ્ધ ઉચ્ચાર કરનારા તે મૃધવાચ. તે કંઇ અનાર્ય જાતિ ન હતી.

"આર્ય" શબ્દનો અર્થ 'ઉચ્ચ સંસ્કારવાળો', 'અ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મીરી સ્વભાવવાળો' થાય છે. યાસ્ક તેની આ વ્યાખ્યા આપે છે:-आर्य ईश्वर पुत्र. આર્ય એટલે "જેની પાસે સર્વેને જવું પડે તે" એવી વ્યાખ્યા સાયણ કરે છે ( आर्य-सरणीयम्-सर्वैर्गंतव्यम् ). વળી આર્યો એટલે "અનુષ્ઠાન ક્રિયા કરનારા ડાહ્યા પુરુષો" એવી પણ અન્ય સ્થળે તે વ્યાખ્યા કરે છે ( आर्यान्विदुषोऽनुष्ठातॄन् ). તેઓ "યજ્ઞકાર્ય કરવાથી શ્રેષ્ઠ" છે ( आर्याय यज्ञादिकर्मकृते यजमानाय ). આર્યની આ વ્યાખ્યાઓ સાથે પાછળ જોઈ ગયા તે દસ્યુની વ્યાખ્યાઓ સરખાવતાં સ્પષ્ટ થાય છે કે આર્યો અને દસ્યુઓ તે કોઈ ભિન્ન જાતિઓ ન હતી, પણ યજ્ઞયાગ કરનારા આર્યો ધાર્મિક ક્રિયા ન કરનાર તેઓના જ લોકોને દસ્યુ, રાક્ષસ વગેરે નામોથી ઓળખતા હતા. આ વાત ઋગ્વેદ હજી પણ વધારે સ્પષ્ટ કરે છે, અને "આર્યો તે યજ્ઞ કરનારા" [ बर्हिष्मते... ( સાયણ કહે છે यज्ञेन युक्ताय )...यजमानस्य ] અને "જેઓ ક્રિયા ન કરે તે દસ્યુ" [ अव्रतान्...( જેનો અર્થ સાયણ कर्मविरोधिनः કરે છે ) ]. ઋગ્વેદના એકાવનમા મંડળની આઠમી ઋચા મહત્ત્વની છે. તે નીચે પ્રમાણે છે—

**विजानीह्यार्यान्ये च दस्यवो बर्हिष्मते रंधया शासद् व्रतान्। शाकी भव यजमानस्य...... ॥**

"આર્ય અને જેઓ દસ્યુ છે તેનો ભેદ સમજો, અને જેઓ પવિત્ર ક્રિયાઓ કરતા નથી તેઓને શિક્ષા કરી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યજ્ઞ કરનારને તાબે કરો. જે યજ્ઞ કરે છે તેને મજબૂત ટેકો આપનારા થાઓ. " ( મુરનો અનુવાદ, પાન ૩૫૮. )

એટલે આર્યાવર્તના જંગલી આદિવતનીઓ અને બહારથી આવેલા આર્યો, એવા ભેદ આપણાં પ્રાચીન પુસ્તકોમાં કોઇ પણ ઠેકાણે બતાવેલા જ નથી. આ પ્રમાણે બે વર્ગ હાલમાં પાશ્ચાત્ય પંડિતોએ કલ્પનાથી શરૂ કર્યા ત્યારથી પડયા છે અને તેના ઉપર વિવેચન ચાલુ છે. મિ. નેસફીલ્ડ વર્ણભેદ વિષેના પોતાના પુસ્તકમાં સ્પષ્ટ લખે છે કે, હિંદુસ્તાનના લોકોના આર્ય જીતનારાઓ અને જંગલી આદિવતનીઓ એમ બે વિભાગ પાડવામાં આવે છે. તે ખોટા છે. તેવા પ્રાચીન વિભાગ છે જ નહિ; પણ કેટલાક અર્વાચીન મતપ્રતિપાદકોએ તે ઉપસ્થિત કર્યા છે. આર્યોએ બહારથી આક્રમણ કરી આર્યાવર્ત જીત્યું તથા ત્યાં વસતા કાળા, જંગલી આદિવતનીઓ (એબોરીજીન્સ)ને હરાવી નસાડી તેમનો દેશ કબજે કર્યો, એવા જે ખોટા ખ્યાલો પ્રચલિત થઇ ગયા છે તેને માટે આપણાં પુસ્તકોમાં તલમાત્ર આધાર જોવામાં આવતો નથી. ઇરાનનાં પુસ્તકોમાં દસ્યુ શબ્દ " દઘુ "ના સ્વરૂપથી જોવામાં આવે છે. એટલે આ 'દઘુ' અને 'અહુર' ( દસ્યુ, અસુર ) તે બીજા કોઇ જ નહિ પણ યજ્ઞ કર્મ ન કરનાર અને તેનો તિરસ્કાર કરનારા આર્યો, જે આર્યોથી છૂટા પડયા અને આખરે આર્યાવર્ત છોડી ઇરાનમાં જઇ વસ્યા. ત્યાં તેઓએ જરથુસ્તનો ધર્મ પ્રવર્તાવ્યો અને તેમના પેગંબરને અહુર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મઝદ નામ આપ્યું, જે આપણે જોઇ ગયા તેમ અસુર-મેધાવી શબ્દનો અપભ્રંશ છે. દસ્યુ, અસુર, રાક્ષસ એ નામો ઉપરાંત તેઓને " અનાર્ય " પણ કહેવામાં આવતા; પણ આ શબ્દ તિરસ્કારવાચક હતો. તે કોઇ સ્વતંત્ર ભિન્ન જાતિ દર્શાવતો ન હતો. રામાયણમાં રાણી કૈકેયીને **अनार्या कैकेयी** કહી છે એટલે શું કોઇ જંગલી આદિ-જાતિની તે હતી એમ અનુમાન કરી શકાય ખરૂં ? દેવ અને અસુર તે ભિન્ન અને જુદા જુદા દેશોની જાતિઓ ન હતી એ સાબીત કરવાની જરૂર જ રહેતી નથી. તેઓની ઉત્પત્તિ એક જ પિતાથી બતાવેલી છે. ઋષિની બે પત્નીઓ હતી તેમાંથી એક પત્નીના પુત્ર દેવ થયા અને બીજી પત્નીના પુત્ર દાનવ થયા. દેવ અને દાનવ બે ભાઇઓ જ છે. આ કથા લક્ષમાં લેતાં પણ આર્યો (દેવો) બહારથી આવ્યા, અને આર્યાવર્તમાં રહેતા મૂળ વતનીઓ (દાનવો)ને હરાવી તેઓને હાંકી કાઢી તેઓના મુલકનો કબજો આર્યો કરી બેઠા, તે હકીકતનો સ્વપ્ને પણ ખ્યાલ મળી આવતો નથી અને તે વાદ તલભાર બંધ બેસતો નથી. ધર્મનું આચરણ કરનાર દેવ, અને ધાર્મિક ક્રિયાને ન માનનારા અગર તે પ્રમાણે ન વર્તનારા દાનવ.

આર્યો સંબંધી કંઇ પણ પુરાવા વગરની એક બીજી કલ્પના કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોએ ઊભી કરી છે. તેઓનું એમ કથન છે કે આર્યો એક ઠેકાણે સ્થિર વાસ કરી ખેતીનો ધંધો કરનારા ન હતા, પણ ચોતરફ ભટકનારા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને શિકાર વગેરેથી પોતાનુ ગુજરાન કરનારા અસ્થિર-વાસી ( નોમેડ ) હતા. ભટકતું જીવન કંઇક વર્ષો સુધી કાઢતા ધીમે ધીમે તેઓ ખેતી શીખ્યા. આ મત પણ કપોલકલ્પિત છે. સ્વેચ્છાથી એક આવો મત ઊભો કરી સાબીત ન થયા છતાં સિદ્ધ થયો માનવો એ ઐતિહાસિક સત્યની શોધ ન કહેવાય.

આર્યોનું પ્રાચીનતમ લખાણ–મનુષ્યજાતનું જ કહો તો ચાલે–ઋગ્વેદ છે. તેને બારીકાઇથી નહિ પણ ઉપરઉપરથી જોવામાં આવે તો પણ સ્પષ્ટ દેખાય છે કે આર્યાવર્તના આર્યો અનાદિ કાળથી ખેતી કરતા આવ્યા છે અને તેઓ અસ્થિરવાસી હોવાનો બીલકુલ પુરાવો જણાતો નથી. “ પાસાથી રમવું નહિ; તારી જમીન ખેડ; ખેતીના ઉત્પન્નથી જે ધન પ્રાપ્ત થાય છે તેને ભોગવવામાં આનંદ શોધ; કારણ કે ખેતીથી જ પશુઓ વૃદ્ધિ પામશે, ખેતીથી જ સ્ત્રીપુત્રાદિનું સંસારસુખ પ્રાપ્ત થશે. આ મને ખુદ સવિતાનારાયણે કહ્યું હતું. ” ( મં. ૧૦–૩૪–૧૩, ઋગ્વેદ.) ખેતીને વખાણતાં, અન્ન તથા વરસાદની પ્રાર્થના કરતાં, સારા પાક માટે યાચના કરતાં આવાં એક નહિ પણ અનેક વાકયો છે. આર્યો ખેતી કરતા એટલું જ નહિ, પણ તે તેમને બહુ પ્રિય હતી. અનાજ તેઓ ખાતા એટલું જ નહિ, પણ તેઓની યજ્ઞાદિ ક્રિયાઓમાં પણ યવ વગેરે ધાન્યનો કાયમ ખપ પડતો. રુદ્ર તથા અગ્નિને ‘ ક્ષેત્રપતિ ’ કહ્યા છે. ઋગ્વેદના ૪–૫૭–૭, ૪–૫૭–૮, ૧૦–૧૩૧–૨ વગેરે ઘણા શ્લોકો ખેતી સંબંધી જ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બીજું લક્ષમાં લેવા જેવું એ છે કે આદિઆર્યો પણ ગાયને પણ બહુ મહત્ત્વ આપતા જણાય છે, જે અદ્યાપિ પર્યંત પવિત્ર ગણાય છે. અસ્થિરવાસી લોકને ગાય નિરુપયોગી વસ્તુ છે. ગાય અગર બળદ બહુ રખડપટ્ટી કરી શકે ને મોટી લાંબી મુસાફરી કરી શકે એવી જાત નથી. ઝનાઇદ આ. રાગોઝાં નામનો એક વિદ્વાન તે સંબંધમાં કહે છે કે, "અસ્થિરવાસી ભટકતી જીંદગી માટે ગાય અયોગ્ય છે, અને વારંવાર ફેરફારો અને મુસાફરીઓ તે સહન કરી શકતી નથી. બળદેનો ઉપયોગ કરનારાને અનુભવ છે કે તેઓને ધીમે ધીમે વચમાં થાક ખવડાવતા રહી મુસાફરી કરાવવી પડે છે અને પાંચ સાત દિવસ ચલાવવામાં આવે તો એક આખો દિવસ આરામ આપવો પડે છે. વધારે મહેનતથી અગર માવજતમાં ખામી પડતાં તેઓને સખ્ત ખરીનું દરદ થાય છે અને તે દૂબળા પડી મરી જાય છે" આર્યોને ખુલ્લી હવા અને વિશાળ મેદાનમાં રહેવાનો ફરવાનો શોખ જણાય છે. નગરમાં ને ઘરોમાં ગોંધાઇ રહેવાની જીંદગી તેઓ જરૂર નાપસંદ કરતા જણાય છે. શિકાર વગેરેનો શોખ તેમને ખરો; પણ એટલા ઉપરથી તેઓ રખડતી જાતિ હતા ને ખેતીવ્યવહારમાં સમજતા જ ન હતા એમ કહેવું એ કેવળ અસત્ય અને ધૃષ્ટતા જ છે. શહેરો, નગરો અને કિલ્લાઓનાં વર્ણનો જોવામાં આવે છે. લૂગડાની બનાવટ, બખ્તર વગેરે લોખંડકામથી તેઓ માહિતગાર હતા એટલું જ નહિ, પણ ખગોળશાસ્ત્ર ઉત્તમ રીતે જાણતા હતા તેમ જ વહાણો મારફત દરિયાપારનો વેપાર પણ કરતા હતા.

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૬.

## આર્યોનાં સંસ્થાનો.

આર્યો મૂળ આર્યાવર્તના અનાદિ વતની હતા. બુદ્ધિબળ અને સાહસમાં સર્વ રીતે અદ્વિતીય હોવાથી તેઓ આગળ બીજા પ્રદેશોમાં વધ્યા અને જ્યાં હવાપાણી અનુકૂળ પડયાં ત્યાં સંસ્થાન કરી રહ્યા. આપણે પાછળ કહી ગયા કે હિમયુગની પહેલાં ઉત્તર ધ્રુવનો પ્રદેશ બહુ વસવાલાયક સમશીતોષ્ણ હતો એટલે તેઓએ ત્યાં પણ સંસ્થાન વસાવ્યું. ઉત્તર ધ્રુવમાં આર્યોએ નિવાસ કર્યો હતો એ વિષેની સાબીતીમાં આપણે અહીં ઊતરવાનું નથી; કારણ કે તે સત્ય નિર્વિવાદ છે ને વેદમાં સ્પષ્ટ દાખવેલું છે. ફક્ત એટલું જ કે, તે વખતે તેઓ ત્યાં રહેતા હતા તો પણ આર્યાવર્તને વીસર્યા ન હતા!–હિમાલય હજી તેમને " ઉત્તરગિરિ " જ હતો. હિમયુગના સમયમાં એકાએક હવા પાણી બદલાઇ જઇ સખ્ત ઠંડી અને બરફ પડવા માંડયાં એટલે હિમાલયને રસ્તે પોતાના અતિ પ્રિય વતન આર્યાવર્તમાં તેઓ પાછા આવ્યા. પારસી–આર્યો પણ ઉત્તરધ્રુવ તરફ રહેવા ગએલા. તે પણ બરફને લીધે પોતાના વતન ઇરાન પાછા ફર્યા. તેઓના ધર્મપુસ્તક વેંદીદાદમાં ઉત્તરધ્રુવ આગળના પ્રદેશોના ઇશારા જોવામાં આવે છે. એ હિમયુગને વેદમાં અને અન્ય સ્થળે 'પ્રલય'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ને શતપથબ્રાહ્મણમાં 'औघ' નામથી ઓળખાવવામાં આવ્યો છે. બરફના મહાન પર્વતો પીગળી તેનું અથાગ જળ થયું તેમાં મનુના વહાણને દિવ્ય મત્સ્ય દોરી ગયો અને ઉત્તરંગિરિ હિમાલય પાસે વહાણ પહોંચ્યું. શતપથબ્રાહ્મણમાં શબ્દ માત્ર औघ છે તો પણ પ્રલય શબ્દનો અર્થ પણ વ્યાકરણકાર પાણિનીના કહેવા પ્રમાણે બરફ, હિમ થાય છે. વેંદીદાદમાં શતપથબ્રાહ્મણ જેવી જ અથાગ પાણીના પ્રલયની વાત છે. એટલે શતપથબ્રાહ્મણનો 'ઓઘ' તે જ વેંદીદાદનું શિશિરહિમ છે, અને તે બન્ને હિમયુગની વાત કરે છે. આ પ્રલયની વાત અન્ય ધર્મોમાં પણ લેવાઇ છે. ગ્રીસના પુરાણમાં તેમ જ બાઇબલમાં તેનાં સ્વરૂપો જોવામાં આવે છે. ઇજીપ્તના લોકોમાં અને હિંદુઓમાં ઘણી સમયતા વિદ્વાનોએ જોઇ છે, અને તેઓનો અભિપ્રાય છે કે આર્યો ઇજીપ્તમાં હતા. નાઇલ નદી તે જ नील નદી; અને તેની આસપાસના મુલકનું વર્ણન પણ આપણાં પુસ્તકોમાં છે. જે આબેહુબ હાલની ભૂગોળને મળતું આવે છે. ઉત્તર ધ્રુવ આગળના પ્રદેશોમાં એક વખત આર્યોનો વાસ હતો તે તો નિઃસંશય છે; અને શ્રીયુત ટિળકે તેમના પુસ્તક "આર્યોનો ઉત્તર ધ્રુવ આગળ નિવાસ"માં સારી રીતે તે સાબીત કરેલું છે. આપણું કથન અહીં એટલું જ કે તે પ્રદેશમાં આર્યોનું આદિનિવાસસ્થાન ન હતું. મતલબ કે આર્યો મૂળ ઉત્તર ધ્રુવના પ્રદેશના વતનની હોઇ પછી તેમણે આર્યાવર્તમાં આક્રમણ કર્યું એ માન્યતા આપણે પાછળ જોઇ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગયા તેમ ઘણાં કારણોને લીધે ટકી શકતી નથી. એટલે તેમનું મૂળ નિવાસસ્થાન આર્યાવર્ત જ હોઇ ત્યાંથી ઉત્તર ધ્રુવનો પ્રદેશ, જે તે વખતે બરફ વગરનો હતો અને વસવાને યોગ્ય હતો, ત્યાં તેઓ જઇને રહ્યા અગર કહો કે તેમણે સંસ્થાન સ્થાપ્યાં, અને હિમયુગની શરૂઆત સુધી તે સંસ્થાનો આબાદ રહ્યાં. વળી ઇરાનીઓનાં પ્રાચીન ધર્મપુસ્તકોમાં આપણે જોઇ ગયા તેમ સરસ્વતી, સપ્તસિંધવ, રસા વગેરે નામો આવે છે. તેઓનાં પુસ્તકો ઉપરથી જણાય છે કે તેઓ આર્યાવર્તની ભૂમિથી બરાબર માહિતગાર હતા; ને તેમ હતું તો એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જો આર્યાવર્ત સિવાય બહારના કોઇ પ્રદેશમાં આર્યોનો આદિનિવાસ હતો અને ત્યાંથી હિંદુ–આર્યો અને પારસી–આર્યો એમ છૂટા પડયા ને પારસી–આર્યો ઇરાનમાં ગયા અને હિંદુ–આર્યો હિંદુસ્તાનમાં આવ્યા તો પારસી–આર્યોનાં પુસ્તકમાં આર્યાવર્ત પ્રદેશની માહિતી કેવી રીતે હોઇ શકે ?

ઇજીપ્તમાં આર્યોનાં સંસ્થાનના સંબંધમાં પ્રખ્યાત ઇતિહાસકાર કુક ટેલર લખે છે કે " ઇજીપ્તવાસીઓએ તેઓની સંસ્કૃતિ હિંદુઓ પાસેથી મેળવી હશે એમ અનુમાન કરવામાં આવે છે, અને બન્ને લોકોની કેટલીક સંસ્થાઓ અજાયબ રીતે મળતી આવતી જણાય છે." " સિંધુ નદીના મૂળ આગળથી આફ્રિકાના કિનારા ઉપર આવી ત્યાંથી નાઇલ નદી તરફ આગળ વધી ઇજીપ્તની સરહદ સુધી નાનાં સંસ્થાનો વસ્યાના પુરાવા મળી આવે છે ખરા."



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"આબીસીનિયા" શબ્દ "અભેસિંધ" શબ્દનો અપભ્રંશ છે. સિંધુ નદીના મૂળ આગળનો જે પ્રદેશ (ડેલ્ટા) તે નાઇલ નદીના મૂળ આગળના પ્રદેશને મળતો જણાયાથી સિંધના જેવો પ્રદેશ એમ બતાવવા "અભેસિંધ" નામ આપેલું તેનું અપભ્રષ્ટ સ્વરૂપ "આબીસીનિયા" છે. વળી "નાઇલ" નદી તે જ **નીલ** નદી એમાં શંકા રહી નથી; કારણ કે **નીલ** નદી અને તેના મૂળનું સંસ્કૃતમાં વર્ણન વાંચી તે આધારે યુરોપીય શોધકે નાઇલ નદીનું મૂળ પકડી પાડયું હતું. નાઇલ નદીનું એ વૈચિત્ર્ય છે કે અન્ય નદીઓ માફક તે પર્વતમાંથી જન્મ પામતી નથી પણ મહાન સરોવરમાંથી ઉદ્ભવે છે. તેનું મૂળ શોધી કાઢવા યુરોપીય શોધકો મહેનત કરી રહ્યા હતા. આખરે એક ફ્રેન્ચ શોધકના હાથમાં સંસ્કૃત પુસ્તક આવ્યું, જેમાં **નીલ** નદીનું અને તેને લગતા પ્રદેશનું વર્ણન હતું. તે અનુસાર ચાલતાં વર્ણન પ્રત્યક્ષ મળતું આવ્યું, અને નદીનું મૂળ પુસ્તકના વર્ણન પ્રમાણે નીકળ્યું !

કર્નલ પૉકોકનું "ઇંડિયા ઇન ગ્રીસ" નામનું પુસ્તક બહુ સારી અનેસચોટ દલીલોથી સાબીત કરી આપે છે કે "ઇરાન, બાબીલોનિયા, પેલેસ્ટાઇન, કોલ્ચીસ, આર્મીનિયા, સીરિયા, ગ્રીસ, ઇટાલી, જર્મની, સ્કૅન્ડીનેવિયા, સ્કૉટલાંડ, ઇજીપ્ત–ટૂંકમાં કહીએ તો એશિયા, યુરોપ, આફ્રિકા અને અમેરિકા–તે સર્વ સ્થળે આર્ય સંસ્થાનો હતાં." વળી આયર્લાંડ તે 'આર્યલેંડ' વરીકે હોય એમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મૅક્સમ્યુલર જ કહે છે. બેરન હંબોલ્ડ કહે છે કે "અમેરિકામાં હિંદુનાં મકાનોના અવશેષો મળ્યા છે." સ્કવાયર કહે છે કે "દક્ષિણ હિંદુસ્તાનનાં બૌદ્ધમંદિરો, મધ્ય અમેરિકાનાં પ્રાચીન મંદિરના ખંડેરોને બહુ મળતાં છે." મેક્સીકનોનો એક દેવ હતો તેને મનુષ્યનું શરીર અને હાથીનું માથું હતું, જે વર્ણન આપણા ગણપતિનું જ વર્ણન જણાય છે. પેરૂના ઇન્કાસ એટલે દક્ષિણ અમેરિકાના આદિવતનીઓના રાજા પણ સૂર્યવંશના કહેરડાવતા. અને તેમનું ચિહ્ન સૂર્ય જ હતું. તેમના એક ઉત્સવનું નામ રામસિત્વ હતું. નવેંબર ૧૮૪૧ માં અમેરિકામાં ઓહિયો સીન્સીનાટી આગળ ખોદાણ થતાં " લેખો મળ્યા હતા," " બુદ્ધ અગર કૃષ્ણની મૂર્તિઓ નીકળી હતી." આ મૂર્તિઓ ૧૮૮૨ માં મોન્રો કન્ટ્રીમાં, બીગ ટોકો માઉન્ડ ટેનેસીમાં મિ. એમાર્ટે ખોદી કાઢી હતી. સરસ્વતીના પવિત્ર પ્રદેશના મૂળ આર્યો ચોતરફ પૃથ્વી ઉપર ફેલાયા હતા.

ડૉ. બ્યુહ્લર લખે છે કે, "એમ જણાય છે કે પૂર્વનો આ ભાગ ( ઇંડિયન આર્કીપેલેગો, ફીલીપાઇનના ટાપુઓ ) ચીન અને જાપાન માફક બુદ્ધના સાધુઓ વડે સંસ્કૃતિ પામ્યો ન હતો; પણ પૂર્વ અને પશ્ચિમના બ્રાહ્મણમત અનુસરનારા યોદ્ધાઓએ તે ભાગ તરવારથી જીત્યો હતો. આ યોદ્ધાઓ પોતાની સાથે પોતાનાં ધર્મ અને સંસ્કૃતિ લઇ ગયા અને નવાં રાજ્યોમાં સંસ્થાનો કરવાની મનુ ભગવાનની આજ્ઞા અનુસાર ત્યાં વસ્યા. ત્યાં ઝફૂ અને સામ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વેદનો ઘોષ થતો હતો, રામાયણ અને મહાભારત બોલાતાં હતાં અને શિવવિષ્ણુની પૂજા થતી હતી. " એન્સાઇક્લોપીડિયા બ્રીટાનિકા કહે છે કે, " ઇ. સ. પૂર્વે સાતમા સૈકામાં હાલ જે આર્મીનિયા કહેવાય છે તે પ્રદેશ આર્યોએ જીત્યો હતો. " ચીનમાં આર્યોનાં સંસ્થાનની પુષ્કળ સાબીતીઓ મળી આવે છે.

લુઇ નકોલીઓટ નામના નામાંકિત ફ્રેન્ચ વિદ્વાનના શબ્દો જરા ટાંકીએ.

" ખુદ સંસ્કૃત ભાષા જ બહુ સરળ અને મજબૂત સાબીતી આપે છે કે યુરોપની મનુષ્યજાતિઓનું મૂળ હિંદુસ્તાન છે અને હિંદુસ્તાન જ તેઓની માતા છે." પા.૨૧

" ... આ આદિ ભાષા ( સંસ્કૃત ), પ્રાચીન તેમ જ અર્વાચીન તે કોલબ્રુક, શ્લેગલ અને બર્નુફ વગેરેની અથાગ મહેનતથી આશ્ચર્યચકિત થએલી આલમની દૃષ્ટિએ આવી." પાન ૧૭૮.

" આપણે સત્ય જોવા લાગ્યા કે આ પ્રાચીન મુલક (હિંદુસ્તાન) ગોરી જાતિઓનું નહિ પણ આખી સૃષ્ટિનું પારણું હતું. "

" જો ગ્રીક તેમ જ લગભગ સઘળી પ્રાચીન તેમ જ અર્વાચીન ભાષાઓ સંસ્કૃતમાંથી જન્મ પામી છે ( જેની હું પુષ્કળ સાબીતી આપીશ ) તો તે વિવિધ પ્રદેશોમાં આર્યોના નિષ્ક્રમણુથી જ પહોંચી હોવી જોઇએ. તેથી વિરુદ્ધ કલ્પના કરવી એ હાસ્યાસ્પદ છે; અને ઇતિહાસ પણ તેને અનુમોદન આપે છે. "

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

" પ્રાચીન હિંદુસ્તાન સમજવા માટે યુરોપમાં મેળવેલું સર્વ જ્ઞાન નિરર્થક છે; અભ્યાસ નવેસરથી શરૂ થવો જોઇએ; અને તેની પાછળ પુષ્કળ મહેનત કરવી જોઇએ."

" તમે તેમ કરશો ત્યારે જ તમે વસ્તુસ્થિતિ સમજશો અને હિંદુસ્તાન માનવજાતિની માતા છે તે જણાશે. "

" છ હજાર વર્ષનું * પ્રાચીન હિંદુસ્તાન જાજ્વલ્યમાન, સંસ્કૃત અને વસતિથી છલકાતું હોઇ ઇજીપ્ત, પર્શિયા, જ્યુડિયા, ગ્રીસ અને રોમ ઉપર દૃઢ છાપ પાડે એ માન્યતામાં શું હસવા જેવું છે ? "

" હિંદુનાં નિષ્ક્રમણોએ ઇજીપ્ત, પર્શિયા, જ્યુડિયા, ગ્રીસ અને રોમને સંસ્કૃતિનો પ્રકાશ આપ્યો તે હું બતાવવા માગું છું. "

" જે શોધકો ઇજીપ્તની અંદર શોધખોળમાં પડયા છે અને જેઓએ બધો પ્રદેશ જોયો છે તેઓ આપણી સંસ્કૃતિનું મૂળ ઇજીપ્ત બતાવે છે. વળી કેટલાક એટલે સુધી કહેવાનો ડોળ ઘાલે છે કે હિંદુસ્તાને પોતાના વર્ણાશ્રમ, ભાષા અને કાયદા ઇજીપ્ત પાસેથી લીધા છે; પણ ખરૂં જોતાં તો ઇજીપ્ત હિંદુસ્તાનમાંથી જ ઉદ્ભવ્યું છે."

" ટૂંક વખતમાં તેઓ સમજશે કે હિંદુસ્તાનનો અભ્યાસ કરવો તે મનુષ્યજાતનું મૂળ તપાસવા બરોબર છે. "

---

* હિંદુસ્તાન જો કે તેથી પણ પ્રાચીન છે, જેથી વર્ષોની સંખ્યા લાખો ઉપર જાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

" બીજા લેખકો ગ્રીસના-પ્રકાશથી અંજાઈ જઈ સર્વ ઠેકાણે તેને જ જુએ છે, અને પછી વિચિત્રવાદો પ્રતિપાદિત કરે છે. "

" તેવા વાદો કાલનિયમથી અશક્ય છે. " (લ બીબ્લદાં લાંદ નામના તે લેખકના પુસ્તકમાંથી. )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૭

## આર્યોનું પંચાંગ.

આર્યો મૂળ આર્યાવર્તના વતની હોઇ અન્ય પ્રદેશોમાં તેઓએ મહાન્ અને વિશાળ સંસ્થાનો સ્થાપ્યાં હતાં તેનો પુરાવો આર્યોનાં પંચાંગ પૂરે છે.

પ્રાચીન પંચાંગ પ્રમાણે એક વર્ષની છ ઋતુઓ બતાવેલી છે. દરેક ઋતુ બે મહિનાની હતી. **षड्डेव ऋतवो मासद्वयरूपाः** ઋગ્વેદ. માસની ગણત્રી ચાંદ્ર માસ પ્રમાણે થતી, અને તેથી ચાંદ્ર વર્ષ અને સૌર વર્ષ વચ્ચે જે લગભગ પાંચ દિવસનો તફાવત પડતો હતો તેને માટે તે બન્નેને સરખા કરવા અધિક માસની યોજના કરવામાં આવી હતી, જે વેદના વખતની હોઇ હજી પણ ચાલુ છે. એટલે છ ઋતુવાળું વર્ષ એ આપણું અસલનું પ્રાચીન પંચાંગ હતું. એની પ્રાચીનતા માટે પુરાવા તરીકે ઋગ્વેદમાં ઉલ્લેખ છે કે છ ઋતુઓ જ પ્રથમ હતી અને તે આદિ અગર નૈસર્ગિક હતી ( **देवजा इति** ). સાયણ કહે છે કે " મૂળમાં વર્ષ છ ઋતુઓમાં પોતાનો માર્ગ વહન કરતું હતું. " છ ઋતુઓ ઉપરાંત વર્ષ બાર મહિનાનું અને ૩૬૦ રાત્રિ અને તેટલા જ દિવસનું બનેલું છે એવાં વાક્યો ઋગ્વેદમાં જ મળી આવે છે. એટલે જે પ્રદેશમાં આ પ્રમાણે ઋતુઓ અને દિવસ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાત્રિઓ હોય તે પ્રદેશ આપણું આદિસ્થાન. ઉત્તર ધ્રુવ આગળ આ પ્રમાણે વર્ષની રચના હોઇ શકે નહિ.

તે પછી જ્યારે આર્યો આગળ ફેલાયા અને પૃથ્વી ઉપર પોતાનાં સંસ્થાનો સ્થાપ્યાં ત્યારે ઉત્તર ધ્રુવનો પ્રદેશ, જે તે વખતે બહુ અનુકૂળ હવાપાણીવાળો હતો, ત્યાં પણ તેઓ વસ્યા. ત્યાં કુદરતની રચના જુદી જ જણાઇ. રાત્રિઓ અને દિવસો દીર્ઘ જણાયાં. જે રાત્રિઓ માટે પ્રથમ, વખાણ કરવામાં આવ્યાં હતાં અને તેનું આવાહન કરવામાં આવ્યું હતું તેને જ જલદી જવાનુ કહેવામાં આવ્યું; કારણ કે રાત્રિઓ દીર્ઘ અને અંધારી હતી આ નવા સંયોગોમાં પંચાંગમાં પણ ફેરફાર કરવાની જરૂર જણાઇ, અને પાંચ ઋતુઓ અને દસ મહિનાનું પંચાંગ બનાવવામાં આવ્યું. વેદમાં જે લાંબા વખત સુધી કાયમ રહેતા ઉષ:કાળ માટે આશ્ચર્ય દર્શાવવામાં આવે છે તે આ દૃષ્ટિથી અવલોકન કરતાં સમજી શકાય છે. આર્યાવર્તમાંથી ઉત્તર ધ્રુવના પ્રદેશોમાં જતાં ત્યાંનાં દીર્ઘ ઉષ:કાલ અને દીર્ઘ રાત્રિઓ જોઇ આર્યોને આશ્ચર્ય થાય એમાં નવાઇ નથી.

આ પ્રમાણે વેદમાં પાંચ ઋતુ અને છ ઋતુઓનું વર્ષ જોવામાં આવે છે અને તેમાં છ ઋતુઓવાળું પંચાંગ પ્રાચીન અને ઇશ્વરપ્રણીત છે એવા ઉલ્લેખ જોવામાં આવે છે, એટલે એવા અનુમાનને પુષ્ટિ મળે છે કે મૂળ આર્યાવર્તમાં આર્યો રહેતા હોવાથી છ ઋતુવાળું પંચાંગ હતું; અને પછી ઉત્તર ધ્રુવ તરફ તેઓએ સંસ્થાનો સ્થાપ્યાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એટલે ત્યાંની વસ્તુસ્થિતિને અનુકૂળ પંચાંગમાં ફેરફારો કરવા પડયા અને દસ મહિનાનું વર્ષ કર્યું; પણ તેમ કરતાં વર્ષ બાર મહિનાનું છે એવી તેઓની માન્યતા સ્થળે સ્થળે સ્પષ્ટ દેખાતી જાય છે. સૂર્યો કેટલા છે તે પ્રશ્ન ( **कतम आदित्या इति** ) નો ઉત્તર આપવામાં આવે છે કે " માસ બાર છે અને બાર સૂર્યો છે. " ( **द्वादशमासाः संवत्सरस्यैत आदित्याः** શતપથબ્રાહ્મણ. ) વળી ,પ્રજાપતિએ મૂળમાં બાર સૂર્યો સર્જ્યા " એવું વાક્ય પણ શતપથબ્રાહ્મણમાં છે એટલે છ ઋતુ અગર તો બાર માસવાળું પંચાંગ પ્રાચીન હતું અને પાંચ ઋતુ અગર દસ માસવાળું પંચાગ પછીથી કરવામાં આવ્યું હતું, એ સાબીત થાય છે. અન્ય સ્થળે વેદ, સંહિતાઓ વગેરેમાં વારંવાર ઉલ્લેખો આવે છે, જેમાં વર્ષ બાર માસનું જ છે એમ કહેવામાં આવે છે, અને દસ માસનું પંચાંગ પ્રચલિત થયા છતાં બાર માસના વર્ષની વાત વીસારે મુકવામાં આવતી નથી;- પણ પ્રાચીન અને સત્ય પંચાંગ બાર માસવાળું છે એમ કહેવામાં આવે છે. આ ઉપરથી બાર માસવાળું પંચાંગ પ્રાચીન હતું એમ માનવામાં આવે તેની સાથે જ માનવું પડશે કે આર્યોનો આદિનિવાસ-પ્રદેશ ઉત્તર ધ્રુવ તો ન જ હોઇ શકે; કારણ કે તેમ હોય તો દસ માસ અગર સાત માસવાળું પંચાંગ તેઓનું પ્રાચીન હોવાનો ઉલ્લેખ હોવો જોઇએ.

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ઉપસંહાર.

છેવટમાં એટલું કહેવાનું કે આ વિષય સંબંધી ગેરસમજુત ઘણી છે એટલું જ નહિ, પણ હાલમાં સમસ્ત સુશિક્ષિત જનસમૂહમાં તે તરફ બેદરકારી અને અજ્ઞાનતા ઘણી છે. આ પુસ્તક દક્ષિણના રા. નારાયણરાવ ભવાનરાવ પાવગીના પુસ્તકનો ઘણોખરો ઊતારો છે. જે પુસ્તક પણ મોટે ભાગે વિવિધ વિદ્વાનોનાં પુસ્તકોનો ઊતારો છે. મધ્ય એશિયામાંના જંગલી જેવા, કંઇ પણ સંસ્કૃતિ વગરના આર્યોનાં ટોળાં હિંદુસ્તાન ઉપર ચઢી આવ્યાં અને ત્યાંના મૂળ વતનીઓ-દ્રાવિડીઓ-તેમ જ અન્ય ભીલ, કોળી જાતિઓના પૂર્વજોને હાંકી કાઢી દેશ તાબે કર્યો, વગેરે કપોલકલ્પિત વાતો તે જ સમસ્ત વિદ્વાનોનો મત છે એમ ગેરસમજ રહેલી છે તે નાબૂદ થવા આ પ્રયત્ન છે. વળી દ્રાવિડ લોકોના સંબંધ તો હમણાં જ ગયે વર્ષે સિંધમાં ખોદાણ કરતાં જે પ્રાચીન અવશેષો મોહેંજોદારો આગળ મળ્યા છે તે દ્રાવિડ સંસ્કૃતિ આર્ય જેટલી પ્રાચીન હતી તેમ બતાવે છે એટલું જ નહિ, પણ દ્રાવિડો કોઇ અનાર્ય જંગલી જાતિના ન હતા એમ પણ સાબીત કરે છે. પણ કલ્પનાના ઘોડા દોડાવી આર્યો બહારથી આવ્યા એ મતના આગ્રહીઓ એમ પણ કલ્પના બતાવે છે કે આર્યાવર્તમાં મૂળ કાળા વતનીઓ તો દ્રાવિડો હશે; અને તેઓને ગૌર વર્ણના આર્યોએ આર્યાવર્ત ઉપર ચઢાઈ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ફરી હરાવ્યા અને દક્ષિણ તરફ હાંકી કાઢયા, એટલે દસ્યુ, રાક્ષસ વગેરે સાથેનાં યુદ્ધ આર્યાવર્તના આ આદિવતનીઓ દ્રાવિડ લોકો સાથેનાં યુદ્ધ છે. પણ આપણે જોઇ ગયા કે દસ્યુ, રાક્ષસ વગેરે વ્યક્તિઓ આર્યોની સજાતિ હતી. વળી દ્રાવિડવિષયક આ કલ્પનાને કોઇ પણ આધાર કે પુરાવો નથી. દ્રાવિડો આર્ય જાતિના જ હોય કે ન હોય તો પણ તેથી આર્યો બહારથી આવ્યા એ પ્રશ્ન ઉપર તેની કાંઇ અસર થતી નથી એટલે તેનું વિવેચન અત્રે કરવાની જરૂર નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શ્રી સયાજી બાળજ્ઞાનમાળા.

છપાએલાં પુસ્તકો:— કિંમત.

| | | |
|---|---|---|
| ૧ | ગિરનારનું ગૌરવ (બીજી આવૃત્તિ) (સચિત્ર) | ૦–૬–૦ |
| ૨ | ઋતુના રંગ (બીજી આવૃત્તિ) | ૦–૬–૦ |
| ૩ | શરીરનો સંચો (બીજી આવૃત્તિ) (સચિત્ર) | ૦–૬–૦ |
| ૪ | મહારાણા પ્રતાપ (બીજી આવૃત્તિ) (સચિત્ર) | ૦–૬–૦ |
| ૫ | કોષની કથા (બીજી આવૃત્તિ) (સચિત્ર) | ૦–૬–૦ |
| ૬ | પાટણ સિદ્ધપુરનો પ્રવાસ (બીજી આવૃત્તિ) | ૦–૬–૦ |
| ૭ | પાવાગઢ (બીજી આવૃત્તિ) | ૦–૬–૦ |
| ૮ | ઔરંગઝેબ (બીજી આવૃત્તિ) (સચિત્ર) | ૦–૬–૦ |
| ૯ | મધપુડો (બીજી આવૃત્તિ) (સચિત્ર) | ૦–૬–૦ |
| ૧૦ | રણજીતસિંહ (બીજી આવૃત્તિ) | ૦–૬–૦ |
| ૧૧ | સુખી શરીર (બીજી આવૃતિ) | ૦–૬–૦ |
| ૧૨ | શ્રી હર્ષ (બીજી આવૃત્તિ) | ૦–૬–૦ |
| ૧૩ | સૂર્યકિરણ (બીજી આવૃત્તિ) (સચિત્ર) | ૦–૬–૦ |
| ૧૪ | વાતાવરણ (બીજી આવૃત્તિ) | ૦–૬–૦ |
| ૧૫ | ગ્રહણ (સચિત્ર) | ૦–૬–૦ |
| ૧૬ | બાલનેપોલીઅન | ૦–૬–૦ |
| ૧૭ | कोषकी कथा (सचित्र हिन्दी) | ૦–૮–૦ |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| | | |
|---|---|---|
| ૧૮ | લોહીની લીલા | ૦—૬—૦ |
| ૧૯ | श्रीहर्ष (हिन्दी) | ૦—૮—૦ |
| ૨૦ | સિકંદરની સ્વારી | ૦—૬—૦ |
| ૨૧ | સુરત | ૦—૬—૦ |
| ૨૨ | એશિયાની ઓળખાણ, ભાગ પહેલો | ૦—૬—૦ |
| ૨૩ | ભૂસ્તરની કથા | ૦—૬—૦ |
| ૨૪ | લૉર્ડ વિલિયમ બેન્ટિન્ક | ૦—૬—૦ |
| ૨૫ | નાના ફડનવિસ | ૦—૬—૦ |
| ૨૬ | ચંદ્ર | ૦—૬—૦ |
| ૨૭ | વડોદરાનો વૈભવ | ૦—૬—૦ |
| ૨૮ | મહાદજી સિંધિયા | ૦—૬—૦ |
| ૨૯ | ઘરઘોણી | ૦—૬—૦ |
| ૩૦ | ચાંચડ | ૦—૬—૦ |
| ૩૧ | પાચનક્રિયા અને દૂધ | ૦—૬—૦ |
| ૩૨ | એશિયાની ઓળખાણ, ભાગ બીજો | ૦—૬—૦ |
| ૩૩ | ગર્ભની કથા | ૦—૬—૦ |
| ૩૪ | બાલ બાબર | ૦—૬—૦ |
| ૩૫ | નાડીતંત્ર | ૦—૬—૦ |
| ૩૬ | બૌદ્ધગુફાઓ | ૦—૬—૦ |
| ૩૭ | મહાબળેશ્વર | ૦—૬—૦ |
| ૩૮ | હિંદુસ્તાનનું વહાણવટું | ૦—૬—૦ |
| ૩૯ | જાતિ અને જ્ઞાતિ, ભાગ પહેલો | ૦—૬—૦ |
| ૪૦ | જાતિ અને જ્ઞાતિ, ભાગ બીજો | ૦—૬—૦ |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| | | |
|---|---|---|
| ૪૧ | વિલિયમ યુવર્ટ ગ્લૅડસ્ટન | ૦-૬-૦ |
| ૪૨ | શૂરવીર શિવાજી (સચિત્ર) | ૦-૬-૦ |
| ૪૩ | आरोग्यता (हिन्दी) | ૦-૮-૦ |
| ૪૪ | દરિયાકાંઠો (સચિત્ર) | ૦-૬-૦ |
| ૪૫ | બરફ અને પાણી | ૦-૬-૦ |
| ૪૬ | અર્થશાસ્ત્રની ઓળખ | ૦-૬-૦ |
| ૪૭ | संभाजी महाराज (मराठी) | ૦-૬-૦ |
| ૪૮ | महाराणा प्रताप (मराठी) | ૦-૬-૦ |
| ૪૯ | કોયલાની કથા | ૦-૬-૦ |
| ૫૦ | જઠરની કથા | ૦-૬-૦ |
| ૫૧ | ડ્યુક ઑફ વેલિંગ્ટન | ૦-૬-૦ |
| ૫૨ | માકણ અને જૂ | ૦-૬-૦ |
| ૫૩ | પાણીનાં પરાક્રમ, ભાગ પહેલો | ૦-૬-૦ |
| ૫૪ | પાણીનાં પરાક્રમ, ભાગ બીજો | ૦-૬-૦ |
| ૫૫ | રસાયનપ્રવેશ | ૦-૬-૦ |
| ૫૬ | બાળપૃથ્વી | ૦-૬-૦ |
| ૫૭ | હવા અને પાણી | ૦-૬-૦ |
| ૫૮ | કોયલાની ખાણ | ૦-૬-૦ |
| ૫૯ | ઉત્સર્ગતંત્ર | ૦-૬-૦ |
| ૬૦ | कोषाचें वर्णन (मराठी) | ૦-૬-૦ |
| ૬૧ | રાષ્ટ્રીય કેળવણી | ૦-૬-૦ |
| ૬૨ | ફેફસાંની કથા | ૦-૬-૦ |
| ૬૩ | ઈંગ્લાંડનું વહાણવટું | ૦-૬-૦ |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| | | |
|---|---|---|
| ६४ | औरंगजेब (हिन्दी) | ०-८-० |
| ६५ | કરકસર | ०-६-० |
| ६६ | ચક્રવર્તી અશોક | ०-६-० |
| ६७ | बालबाबर (मराठी) | ०-६-० |
| ६८ | ખડકની કથા | ०-६-० |
| ६९ | પાણી | ०-६-० |
| ७० | ઉષ્મા | ०-६-० |
| ७१ | विलियम एवर्ट ग्लॅडस्टन (मराठी) | ०-६-० |
| ७२ | संपत्ति व भांडवळ (मराठी) | ०-६-० |
| ७३ | કરોળિયાનાં કાવતરાં | ०-६-० |
| ७४ | આર્યોનું આદિનિવાસસ્થાન | ०-६-० |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા • ભાવનગર •

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com